પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૧૧/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક વદ-૨ વર્ષ : ૧૭ અંક : ૨૮૮

સુવિચાર

''ખુલાસો શાંતિ આપે એવો હોય તો કરાય, દુઃખ આપે એવો હોય તો નહી.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



શ્વાનપ્રેમીઓ દ્વારા તેમનાં પાલતું શ્વાનનું મોત થતાં કરવામાં આવે છે સમાધિ

અમરેલીનાં ઠેબી જળાશયનાં કાંઠે શ્વાનની સમાધિની હારમાળા

શ્વાનનાં મૃત્યુનાં દિને શ્વાનપ્રેમી માલિક દ્વારા શ્રધ્ધાંજલિ પણ પાઠવવામાં આવે

સમાધિ સ્થાને શ્વાનનાં ફોટા સાથે નામ અને તેની મૃત્યુની તારીખ પણ લખવામાં આવે

પરિવારનાં સદસ્યની અંતિમ વિદાય બાદ જે ક્રિયા થાય તે કરવામાં આવે

વફાદાર પ્રાણીઓમાં જેની ગણનાં થાય છે તેવા શ્વાનની કતારબંધ સમાધિ જોવા મળે છે



અમરેલી, તા. ૨૫
અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશયમાં આવેલ રાજકોટ તરફનાં જુના રોડ ઉપરનાં કાંઠે અમરેલીનાં જે શ્વાનપ્રેમીઓનાં પાલતું શ્વાનાં મોત થયા બાદ તેની સમાધિ ઉભી કરવામાં આવે છે.
સમાધિ સ્થાને મૃતક શ્વાનનો ફોટો, નામ અને મૃત્યુની તારીખ પણ દર્શાવવામાં આવે છે અને દર વર્ષે મૃત્યુ દિને શ્વાનને શ્રધ્ધાંજલિ પણ પાઠવવામાં આવે છે. શ્વાનની યાદમાં શ્વાનપ્રેમીઓની આંખમાં અશ્રુ પણ આવી જતાં હોય છે.
ઠેબી જળાશયનાં કાંઠે ૮ થી ૧૦ જેટલા શ્વાનની સમાધિ નિહાળીને સૌ કોઈ માનવી અને શ્વાનની દોસ્તીની ભરપુર પ્રશંસા કરે છે. માલિક પ્રત્યેની શ્વાનની વફાદારીને પણ સૌ યાદ કરે છે.

એકી સાથે ૮ સિંહોની મેરેથોન



લીલીયા મોટાનાં આંબા નજીક શેત્રુંજી નદીનાં બેઠા બ્રિજ ઉપર એકી સાથે ૮ સિંહોની રનીંગનું દ્રશ્ય મોબાઈલ કેમેરામાં કેદ થયો બાદ તે અદભૂત વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

રખડતા પશુઓથી અવાર-નવાર અકસ્માતની ઘટના

સાવરકુંડલાનાં જુના સાવર માર્ગ ઉપર બાઈક હડફેટે ખુંટિયો આવી જતાં ચાલકનુ મોત

આકેશભઈ ટાંક નાના ૩૯ વર્ષિય યુવકે જીવ ગુમાવ્યો

અમરેલી, તા. ૨૫
સાવરકુંડલા ગામે આવેલ પારેખવાડી, ઉપવન વાડીની સામે રહેતા આકેશભાઈ અનિલભાઈ ટાંક નામના ૩૯ વર્ષીય યુવક ગત તા.૨૩ ના સાંજના સાંજે ૬/૩૦ વાગ્યે પોતાના હવાલાવાળ મોટરસાયકલ નં. જી.જે.૧૪ એ.એન. ૫૦૯૧ લઈને જુનાસાવર ગામ તરફ જતા હોય તે દરમ્યાન ભુવા ગામથી આગળ આશરે અડધો કિલોમીટર દુર જુનાસાવર તરફ જતા રોડ પર મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી ત્યાંથી પસાર થતા એક ખુંટીયા ઢોર સાથે અથડાવી દઈ અકસ્માત કરી પોતાના જ શરીરે ગંભીર ઈજાઓ કરી પોતાનું મોત નીપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બાઈક લઈને બગસરા તરફ જતાં હોય

અમરેલીનાં પાણીયા ગામનાં વૃધ્ધનું કાર ચાલકે હડફેટે લેતા મોત નિપજ્યુ

નાસી છુટેલ કાર ચાલકની પોલીસે શોધખોળ આદરી

અમરેલી, તા. ૨૫
અમરેલી તાલુકાના પાણીયા ગામે રહેતા બાલુભાઈ કાનજીભાઈ દેસાઈ નામના ૭૪ વૃદ્ધ ગત તા.૨૩ બપોરના બારેક વાગ્યાના અરસામાં તેનુ મોટર સાયકલ લઈને પાણીયા ગામથી બગસરા જતા હતા. તે દરમ્યાન પાણીયા ગામથી બગસરા જતા રોડ ઉપર ખારી નદીના પુલથી આગળ વળાંકમાં એક ફોરવ્હીલ નં. જીજે-૦૧-આરવાય-૫૭૦૪ ના ચાલકે તેની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી આવી બાલુભાઈ કાનજીભાઈ દેસાઈની મોટર સાયકલ સાથે ભટકાડી દઈ અને કરી બાલુભાઈ કાનજીભાઈ દેસાઈને માથાના ભાગે ખુબ જ ગંભીર ઈજા કરી હેમરેજ કરી તેમજ બેઠકના ભાગે મુંઢ ઈજા પહોચાડી મોત નિપજાવી કાર ચાલક નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રખડુ શ્વાન, આખલાઓ અને ''ગાય''ને લઈને અકસ્માત અને ગંદકીની સમસ્યા

અમરેલીમાં જાહેર માર્ગો ઉપરાંત રહેણાંક વિસ્તારની ગલીઓમાં પશુઓનો જમેલો જોવા મળી રહ્યો છે

દિનપ્રતિદિન સમસ્યા આગળ વધતી હોવા છતાં નક્કર કાર્યવાહી થતી નથી



અમરેલી, તા. ૨૫
અમરેલી શહેરનાં રાજમાર્ગો ઉપરાંત રહેણાંક વિસ્તારની ગલીઓમાં પણ રખડુ શ્વાન, આખલાઓ અને ગાયની સમસ્યા દિન પ્રતિદિન આગળ વધી રહી છે. રખડુ પ્રાણીઓને લીધે ગંદકી ફેલાઈ રહી છે અને સાથોસાથ, અવારનવાર અકસ્માતની પણ ઘટના પ્રકાશમાં આવી રહી છે.
અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક છે. ઉચ્ચ પદાધિકારીઓ અને અધિકારીઓની અવરજવર અને નિવાસસ્થાન છે તેમજ જિલ્લાભરની જનતા કોઈને કોઈ કાર્ય સંબધે આવન-જાવન કરતાં હોય તેઓની નજર સામે જ રખડુ પ્રાણીઓના આંટાફેરા થતાં હોવા છતાં એકપણ જનપ્રતિનિધિ, અધિકારી કે સેવાકીય સંસ્થા આ મામલે આગળ આવતી નથી.
રખડુ પ્રાણીઓને સલામત સ્થળે ખસેડીને માનવ જીંદગીને સુરક્ષિત કરવાની જવાબદારી સરકારી વિભાગની હોવા છતાં તગડી પગાર વસુલતા અધિકારીઓ કે આધુનિક સુવિધા મેળવતાં જનપ્રતિનિધિઓ આ મામલે ઉદાસીન જોવા મળી રહ્યા છે.

Krishna DINING HALL

કિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

બધા પ્રકારની ડિલિવરી, સ્ત્રીરોગ (ગાયનેક) સબંધી બધીજ સારવાર ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
ડો. જુગલ
(ગાયનેક)

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રભારી રણજીતસિંહ સુરજેવાલાનું સ્ફોટક નિવેદન

ચૂંટણીપંચ રાતોરાત કરોડો નાગરિકોનાં મત અધિકાર છીનવી લે તો બંધારણ કેવી રીતે ચાલશે ?

લોકશાહી અને સંવિધાન બચાવવા મતનાં અધિકારની રક્ષા માટે કોંગી કાર્યકર બુથ પર રક્ષક બનશે

બંધારણ શકય બનવા પાછળ કોંગ્રેસનું અનુશાસન, વિશ્વાસ અને સિધ્ધાંત અહમ રહ્યા

ભારત દેશનું બંધારણ તે માત્ર પુસ્તક નહી જીવતો જાગતો દસ્તાવેજ છે

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય ડો. તુષાર ચૌધરી, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી સહિતનાં આગેવાનોની આકરી પ્રતિક્રિયા









અમદાવાદ, તા. ૨૫

ભારતીય ચૂંટણી પંચ જેવી બંધારણીય નિષ્પક્ષ સંસ્થા ઉપર ભાજપાના સત્તાધીશ દ્વારા તેમના લાભાર્થે બેસાડવામાં આવેલ ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારને હટાવવા અને ફોજદારી કાર્યવાહી કરવાની માંગણીના અનુસંધાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત ''સંવિધાન રક્ષા માર્ચ''માં ગુજરાતના વિવિધ જીલ્લા અને શહેરથી ખુબ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર, આગેવાનો જોડાયા.

આ અંગે ગુજરાત કોંગ્રેસનાં પ્રભરી રણજીતસ્રિહ સુરજેવાલાએ જણાવ્યું કે, ૨૫ નવેમ્બર ૧૯૪૯ના રોજ સંવિધાન સભામાં ડો. બાબા સાહેબ આંબેડકરે કહ્યું જો ભારતનું સંવિધાન બની શકશે તો તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અનુશાસન, વિસ અને સિધ્ધાંતના કારણે બનશે. ડો. બાબાસાહેબ આંબેડકરે કહેલ કે કોઈપણ સંવિધાન કેટલુ પણ સારૂ બનાવીએ પણ તે જો કોઈ ખોટા હાથમાં જતુ રહેશે તો તેનો કોઈ મતલબ નહી રહે અને સંવિધાન ગમે તેટલુ ખરાબ કે ત્રુટીઓવાળુ બન્યું હશે પણ તે કોઈ લાયક સત્તા કે હાથમાં જશે તો આપોઆપ યોગ્ય થઈ જશે અને આ જ વાત ઉપર ફરી એક વાર આજે તા. ૨૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસની સંવિધાન રક્ષા માર્ચ સભામાં આપણે સૌએ એકવાર ડો. બાબાસાહેબે કહેલી વાત યાદ કરવી પડશે.

વધુમાં જણાવેલ છે કે, ડો. બાબાસાહેબ આંબેડકરે કહેલ કે રાજકીય આઝાદી તો મળી ગયેલ પણ સામાજીક આઝાદીનું નિર્માણ કરવું તે આપણી વર્તમાન સરકારની પ્રથમ પ્રાથમિકતા રહેશે. સામાજીક આઝાદી એટલે આ દેશનો સૌથી અમીર વ્યકિત અને આ દેશનો સૌથી ગરીબ વ્યકિત એક સમાન સ્વતંત્રતાના અધિકારો સાથે જીવી શકે તેવો અધિકાર આ દેશના પ્રત્યેક નાગરિકને મળવો. આ દેશના દલિત, આદિવાસી, અલ્પસંખ્યક, ગરીબ, ખેડુત, યુવાન, મહિલા કે પછાત હોવાના આધારે ભેદભાવ ના કરે તેમજ મુઠ્ઠીભર અમીરો પૈસાના જોરે આ દેશનું સંચાલન ના કરી શકે તો જ અસલી સામાજીક આઝાદી મળી કહેવાય અને તેવા દેશનું નિર્માણ કરવું તે જ બંધારણ સભાની ફરજ છે.

આજની સંવિધાન રક્ષા માર્ચ એ કોઈ રાજકીય એજન્ડા કે ચૂંટણી જીતવાના એજન્ડા તરીકે નહીં પણ ભારતના એક–એક નાગરિકની રક્ષા અને અધિકાર માટે ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા જે સંવિધાન મળ્યું છે અને આ વર્તમાન સરકાર દ્વારા તેના ઉપર જે જોખમ ઉભુ થયું છે. તેના ચિંતન માટે રાખવામાં આવી છે.

વધુમાં જણાવેલ છે કે, આ દેશની ૮૦ ટકા મિલકત આ દેશના ૫ ટકા અમીર લોકો પાસે અને ૨૦ ટકા મિલકત આ દેશના ૯૫ ટકા લોકો પાસે વહેંચાયેલી હોય તેવા ભારત દેશનું નિર્માણ વર્તમાન ભાજપ સરકારે કરેલ છે. ભારત દેશ મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકરના સપનાનું ભારત રહેલું છે. શું તેમના મુલ્યો અને સિધ્ધાંતો મુજબ આ દેશની સરકાર શાસન ચલાવી રહી છે ? ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલ ચઢાવી તેમના સિધ્ધાંતોને પગ નીચે કચડી નાખે તેનું નામ ભાજપ સરકાર. મહાત્મા ગાંધીજીના ચશ્મા તો ઉધાર લે છે પણ તેમના સમાનતા અને સમરસતાના સિધ્ધાંતો ઉપર બુલ્ડોઝર ચલાવી સત્તામાં ટકી રહી છે. સરદાર પટેલની મૂર્તિ તો બનાવે પણ તેમના વંસજ એવા ખેડૂતોની રોજી રોટી અને જમીન ઝુંટવી રહ્યાં છે. સામાજીક અને ધાર્મિક ભાઈચારાને બંધક બનાવનારા આજે સત્તામાં છે.

વધુમાં જણાવેલ છે કે, વર્તમાન ભાજપ સરકારમાં શું દલિતને ન્યાય મળે છે ? આદિવાસીને સન્માન છે ? ઓ.બી.સી. માટે સમાન તકો અને ભાગીદારી છે ? માયનોરીટી સમાજ અને મહિલાઓ માટે સમાનતાનો અધિકાર છે ? યુવાનો માટે રોજગાર છે ? વેપારીઓને સરકારી હમા ચુકવ્યા વગર કોઈ છુટકારો છે ? પત્રકાર અને મીડીયાના કર્મીઓને લખવાની અને બોલવાની સ્વતંત્રતા છે ? સરકારની આલોચના કરવાનો અધિકાર છે ? આ દેશમાં બધા લોકોની સમાન હિસ્સેદારી છે ? શું આ દેશનું સંવિધાન ધર્મ અને જાતિથી મોટું છે ? આવા અનેક સવાલો આ ભાજપ સરકાર સામે ઉઠયા છે અને એટલે જ સંવિધાન બચાવવાની વિપક્ષની અસલી કસોટી છે તેવું સન્માનનીય ખડગેજી અને રાહુલજી માને છે અને એટલે જ આ દેશના નાગરિકોના અધિકારનીરક્ષા માટે સંસદથી સડક સુધી ''લોકશાહી બચાવો... દેશ બચાવો...'' કાર્યક્રમો આપવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, શિવસેના, ત્રણમુલ કોંગ્રેસ, એન.સી.પી. જેવા પક્ષોના ચૂંટણી ચિન્હો છીનવી લેવામાં આવે કારણ કે તે ભાજપાના સાથે ના હોય તો શું સંવિધાન સુરક્ષિત કહેવાય ? લોકસભામાં ૪૨ કાનુન માત્ર ૩૦ મીનીટમાં બનાવી દેવામાં આવે અને તે હિસાબ પ્રમાણે એક કરતા ઓછી મીનીટમાં એક કાનુન બની જાય તેવું ભાજપ સરકારની સરકારમાં શકય છે. ઓનલાઈન જુગારની તરફેણ કરતા કાનુન પણ માત્ર ૨ મીનીટમાં પાસ કરી દેવામાં આવે અને બીજી બાજુ ખેડુતોને કચડી નાખતા, શોષણ કરતા ત્રણ કાળા કાનુન પણ માત્ર ૨ મીનીટમાં આ જ ભાજપ સરકારના શાસનમાં પાસ કરી દેવામાં આવે અને આ બધા સવાલો લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી જો ઉઠાવે તો તેમને બોલવા પણ દેવામાં ના આવે તે રીતે આ દેશના નાગરિકોના પ્રશ્નોને કચડવામાં આવે તો શું લોકશાહી જીવંત કહેવાય ?

વધુમાં જણાવેલ છે કે, આજે ગુજરાતની ધરતી ઉપર કોંગ્રેસના વરિષ્ઠ નેતા સ્વ. અહેમદ પટેલની પુણ્યતિથી ઉપર તેમને યાદ કરી ગુજરાતના લોકોને પુછવુ પડે કે સંવિધાન ઉપર ભાજપ સરકારના આ પ્રકારના હુમલા ચલાવી લેવાય ? વર્તમાન ભાજપ સરકાર સંવિધાનના મુલ્યો અને સિધ્ધાંતોને બુલ્ડોઝર નીચે કચડી રહ્યાં છે. આ દેશમાં જાતિ, ધર્મથી ઉપર ઉઠીને જો કોઈ એક વાત છે તો તે આ દેશનું સંવિધાન છે. જો આ સંવિધાન જ નહીં રહે તો આ દેશના માલેતુજારોનું કઈ બગડવાનું નથી પણ તેની અસર ગરીબ, પીડીત, શોષીત, વંચિત, યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને ખાસ કરીને આ દેશના GENZ યુવાનોને નુકસાન થશે. ભારતના સંવિધાનમાં ગુજરાતનું પણ DNA છે તે વાત ગુજરાતીઓએ ના ભૂલવી જોઈએ અને એટલે જ સંવિધાનની રક્ષા એ સૌ ગુજરાતીઓની સામુહિક ફરજ છે.

કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું છે કે, ૧૯૮૫માં કોંગ્રેસ પાર્ટીની સ્થાપના કોઈ પદ લેવા માટે કે કોઈ સરકાર બનાવવા કે કોઈ સત્તાની લાલશા માટે નહી પણ આ દેશના નાગરિકોને ગુલામીથી આઝાદી અપાવવા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષની સ્થાપના કરવામાં આવેલ.

આઝાદી બાદ વિનું શ્રેષ્ઠ કહી શકાય તેવુ બંધારણ ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા બનાવવામાં આવ્યું અને તેમાં સૌથી મોટો ફાળો પણ ગુજરાતીઓનો રહ્યો છે. ગુજરાતના મહાત્મા ગાંધી અને સરદાર સાહેબ દ્વારા જીવનની છેલ્લી ક્ષણ સુધી તેમાં કોઈપણ પ્રકારનો બદલાવ સ્વિકારવામાં ન આવેલ. આઝાદીથી અત્યાર સુધી જેણે પણ બંધારણ ઉપર આંગળી ઉઠાવી હોય, લોકશાહીને કચડી નાખવાની કે ખતમ કરવાનો પ્રયાસ કર્યો હોય અને તેને રોકવા માટેનો સૌથી પહેલા જો કોઈ અવાજ ઉઠયો હોય તો તે કોંગ્રેસ પક્ષનો છે.

વધુમાં જણાવેલ છે કે, ભાજપ સરકાર પાછલા બારણે લોકશાહી ખતમ કરી પોતાના માનીતા મુઠ્ઠીભર લોકોને આ દેશનું નેતૃત્વ અને સુકાન સોંપવાની જે મલીન મનશા બાંધી છે તેને કોઈએ સારી રીતે ઓળખી હોય તો તે રાહુલ ગાંધીજી, મલ્લીકાઅર્જુન ખડગેજી અને કોંગ્રેસ પક્ષ છે અને એટલે જ સંવિધાન બચાવવા આ દેશના લોકોને આહવાહન કરી સરકાર સામે અવાજ ઉઠાવવા અને જોડાવવાની અપીલ કરવામાં આવી. આ દેશના નાગરિકોને બોલવાની, લખવાની, અભિવ્યકિતની આઝાદી સંવિધાન અને બંધારણે આપી પણ ગુજરાતની ભાજપ સરકારની ખોટી નિતિ અને રીતિ સામે કોઈ ટીવી મીડીયામાં પ્રેસના માધ્યમથી બોલે, સોશીયલ મીડીયામાં કટાક્ષ કરે કે કોઈ લખાણ લખે તો જાણે કોઈ ઈમરજન્સી લાગી હોય, કોઈ કટોકટી લાગી હોય તેમ તેના અવાજને દબાવવાના પ્રયાસ રૂપે ખોટા કેસો કરી પ્રતિપાડીત કરવામાં આવે છે અને એટલે જ આ સરકાર સામે એક–એક ગામ, એક–એક બુથમાં જઈ ચોપાલ ભરી વોટ રક્ષકની નિમણુંક ગુજરાત કોંગ્રેસ કરશે અને એકપણ વ્યકિતના વોટનો અધિકાર ના છીનવાય, બંધારણે આપેલા સ્વતંત્રતાનો અધિકાર ના છીનવાય તેના માટે ખોટી નજર કરનારા આ ભાજપ સરકારના લોકોને જડબેસલાક જવાબ આપવા અમે આગામી દિવસોમાં જમીન ઉપર ઉતરીશું.

ધારાસભ્ય ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું કે, ભારત દેશનું સંવિધાન એ કોઈ પુસ્તક નહી જીવતુ જાગતુ દસ્તાવેજ છે અને તેમાં સ્પષ્ટ કર્યું છે કે, ''સરકાર લોકો માટે છે લોકો સરકાર માટે નથી'' સરકાર દ્વારા નાગરિકોને કોઈ આવાસ, પેન્શન, પગાર, મફત રાશન, મફત શિક્ષણ આપવામાં આવે તો તે તેનો લોકશાહી દ્વારા મળેલ અધિકાર છે. તેના બદલે સરકારને મત આપો તેવું કોઈપણ સરકારને કહેવાનો અધિકાર નથી.

કોઈપણ ચૂંટાયેલી સરકાર ખોટુ કામ કરે, ભ્રષ્ટાચાર કરે, બંધારણ પ્રમાણે ના વર્તે તો તેની આલોચના કરવાનો, ટીકા કરવાનો સંપૂર્ણ અધિકાર આ દેશના નાગરિકોને આ દેશના બંધારણે આપેલ છે અને એટલે જ જો બંધારણ જ નહી રહે તો આ દેશનો નાગરીક પણ નહી રહે અને એટલે જ દેશના નાગરિકના અસ્તિત્વને ટકાવવાની અને બંધારણને બચાવવાની જવાબદારી આપણા સૌ કોઈની છે. તે વાત ગંભિરતાથી લેવી પડશે.

ઉપરોકત કાર્યક્રમનું આયોજન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ગુજરાત પ્રભારી અને સાંસદ રણદીપસિંહ સુરજેવાલાની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના અધ્યક્ષ સ્થાને તથા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીની હાજરીમાં યોજાયેલ. જેમાં સી.ડબ્લ્યુ.સી. મેમ્બર અને પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ સાંસદ શકિતસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી.ના ઓડીસાના પ્રભારી લાલજીભાઈ દેસાઈ, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, પૂર્વ સાંસદ ડો. અમી યાજ્ઞિક, સાંસદ ગેનીબેન ઠાકોર, ગુજરાત વિધાનસભા કોંગ્રેસના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતા પરેશભાઈ ધાનાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી.ના મંત્રી નિલેશભાઈ પટેલ (લાલાભાઈ), ડો. પલક વર્મા, ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો, ફન્ટલ ઓર્ગેનાઈઝેશનના ચેરમેનો, પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદારો જોડાયેલ અને પોતાના વિચારો રજુ કરેલ. ત્યારબાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સૌ આગેવાનો એક સાથે બંધારણના આમુખનું વાંચન કરેલ અને હજારોનીસંખ્યામાં સંવિધાન રક્ષા માર્ચ પદ યાત્રામાં જોડાયેલ. આ પદયાત્રા રાજીવ ગાંધી ભવન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિથી શરૂ થઈ પાલડી ચાર રસ્તા ખાતે સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે તેમને વરિષ્ઠ આગેવાનો દ્વારા પુષ્પ અર્પણ કરી સમાપન કરવામાં આવેલ.

ખાખીની ખુમારી અને કર્તવ્ય નિષ્ઠાને સાંસદની સલામ

લાઠીની 3 વર્ષની માસૂમ બાળકીને હેમખેમ બચાવનાર પોલીસ કર્મીને અભિનંદન પાઠવતા સાંસદ ધોળકીયા

એસ.પી. સંજય ખરાત અને ડીવાય એસ.પી. વિસ્મય માનસેતાનાં નેતૃત્વની સરાહના

અમરેલી, તા. ૨૫

કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકોના આંસુ લૂછવાની સાચી ફરજ બજાવતી અમરેલી જિલ્લા પોલીસની વધુ એક માનવીય અને પ્રશંસનીય કામગીરી સામે આવી છે. લાઠી તાલુકાનાં અડતાળા ગામની ત્રણ વર્ષની માસૂમ બાળકીના અપહરણનાં ચકચારી બનાવમાં ગણતરીનાં કલાકોમાં આરોપીનું પગેરૂ દબાવી બાળકીને હેમખેમ શોધી કાઢનાર અમરેલી પોલીસનાં હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ દડુભાઈ કામળિયાને રાજયસભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ ખાસ પત્ર પાઠવી બિરદાવ્યા છે.

પોતાના વતન લાઠી તાલુકાનાં અડતાળા ગામની દીકરીનાં અપહરણનાં સમાચાર જાણી સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા વ્યથિત થયા હતા. આ જટિલ ઓપરેશનને સફળ બનાવવા બદલ તેમણે અમરેલી



એસ.પી. સંજય ખરાત તથા ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતાનાં સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર પોલીસ ટીમની સતર્કતા અને કાર્યકુશળતાની સરાહનાં કરી છે.

પત્રમાં સાંસદે ખાસ નોંધ લીધી છે કે, અપહરણકર્તા ઝરખિયા ગામમાં જે બે વ્યક્તિઓને મળ્યો હતો, તેમના નિવેદનનાં આધારે આરોપીનો મોબાઈલ નંબર મેળવવો અને ત્યારબાદ તેનું લોકેશન ટ્રેસ કરવામાં હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ કામળિયાએ અત્યંત સૂઝબૂઝભરી કામગીરી કરી હતી. આ મહત્વપૂર્ણ કડીનાં આધારે જ પોલીસ આરોપીએ જયાં આશરો લીધો હતો તે વાડી સુધી પહોંચી શકી અને માસૂમ બાળકીને સુરક્ષિત શોધી કાઢવામાં સફળતા મળી.

સાંસદએ પત્રમાં ભાવુક લાગણી વ્યક્ત કરતા લખ્યું છે કે, ''એક પરિવાર માટે તેમની નાનકડી દીકરી જ આખી દુનિયા હોય છે. દીકરી સુરક્ષિત પાછી મળી ત્યારે પરિવારનાં હૃદયને કેટલો મોટો હાશકારો થયો હશે, તેની કલ્પનાં માત્રથી આંખો ભીની થઈ જાય છે.'' અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની સાથે સામાન્ય નાગરિકોના હિત અને સુરક્ષાને પ્રાથમિકતા આપતી અમરેલી જિલ્લા પોલીસની કાર્યશૈલી સમાજમાં સુરક્ષા અને વિશ્વાસની ભાવના વધુ મજબૂત બનાવે છે, તેમ જણાવી સાંસદએ સમગ્ર પોલીસ પરિવારને શુભેચ્છાઓ પાઠવી છે.

તુલસીશ્યામ–ગોપનાથ વાયા રાજુલા રૂટની એસ.ટી. બસ શરૂ કરો

રાજુલા, તા. ૨૫

તુલસીશ્યામ–ગોપનાથ વાયા જાફરાબાદ–રાજુલા–ભગુડા–બગદાણા આ રૂટ પર હાલ એક પણ એસ.ટી. બસ શરૂ નથી. આ રૂટ પર યાત્રાધામો અને મોટા ગામો આવેલા હોવા છતાં બસ સુવિધા ન હોવાથી ભાવિકો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને નોકરિયાતોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

તુલસીશ્યામ, ગોપનાથ મહાદેવ, બગદાણા ખાતે સંત બજરંગદાસ બાપાની જગ્યા અને ભગુડા ખાતે મોગલ માં ના ધામે દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શને આવે છે. ખાસ કરીને અમાસ, પૂનમ, શ્રાવણ માસ અને તહેવારોના દિવસે આ રૂટ પર ભારે ભીડ રહે છે. ત્યારે ખાનગી વાહનોમાં મોંઘા ભાડા આપીને મુસાફરી કરવી પડે છે. વૃદ્ધો, મહિલાઓ અને ગરીબ ભાવિકોને સૌથી વધુ તકલીફ પડે છે.

આ રૂટ એવો છે કે જો એસ.ટી. બસ શરૂ કરવામાં આવે તો એસ.ટી. નિગમને પણ સારી આવક મળે તેમ છે. કારણ કે આખો દિવસ આ રૂટ પર મુસાફરોની અવર–જવર રહે છે.

જાગૃત નાગરિક દેવશીભાઈ બાંભણિયાએ એસ.ટી. નિગમને લેખિત રજૂઆત કરી છે કે, તુલસીશ્યામ–ગોપનાથ વાયા જાફરાબાદ–રાજુલા–ભગુડા–બગદાણા નવી એસ.ટી. બસ તાત્કાલિક શરૂ કરવામાં આવે. સવારે દર્શન માટે જવા અને સાંજે પરત આવવા અનુકૂળ સમયે બસ ચાલે તો હજારો લોકોને લાભ થશે.

આશા છે કે એસ.ટી. નિગમ દ્વારા લોકોની આ વ્યાજબી માંગણીનો સત્વરે સ્વીકાર કરવામાં આવશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલીના ફતેપુર ગામે આવેલ

ભોજલધામ ખાતે ભક્તિ, સેવા અને સમરસતાનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ સંપન્ન

નૂતન મંદિરના પ્રથમ પાટોત્સવમાં ૧૧ દીકરીઓનાં સમૂહલગ્ન પણ યોજાયા

અમરેલી, તા. ૨૫

અમરેલી નજીક આવેલ ફતેપુર ગામે આવેલ ભોજલ ધામ ખાતે ગઈકાલે કાર્તિક પૂર્ણિમાના પાવન અવસરે ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉપરાંત રક્તદાન શિબિર, ગ્રહશાંતિ યજ્ઞ, ધર્મસભા, ભોજન પ્રસાદ અને ભજન સંતવાણી સહિતના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા.

અમરેલી નજીક આવેલ ફતેપુર ગામે આવેલા સંત શિરોમણી પૂ. જલારામ બાપાના ગુરૂજી એવા પૂ. ભોજાભગતના પવિત્ર ભોજલધામ ખાતે ગઈકાલે કાર્તિક પૂર્ણિમાના પાવન અવસરે નૂતન મંદિરનો પ્રથમ પાટોત્સવ ભકિતભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે ભવ્ય રીતે ઉજવાયો હતો. ભોજલધામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મહોત્સવમાં ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ખાસ કરીને ૧૧ દીકરીઓનાં સમૂહ લગ્નનું આયોજન કરી સમાજમાં સેવા, સંસ્કાર અને સામાજિક સમરસતાનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

પાટોત્સવ નિમિત્તે દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮ કલાકે રકતદાન શિબિરના ઉપ્રઘાટન સાથે કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ સવારે ૮:૩૦ કલાકે ગ્રહશાંતિ યજ્ઞ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ધાર્મિક વિધિમાં ભાગ લીધો હતો.

બપોરે ૧૨ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. મંદિર પરિસરમાં સવારથી જ ભકતોની અવરજવર જોવા મળી હતી અને સમગ્ર વાતાવરણ ભકિતમય બન્યું હતું.



મહોત્સવનું વિશેષ આકર્ષણ ૧૧ દીકરીઓનાં સમૂહ લગ્નનું આયોજન રહ્યું હતું. બપોરે ૩:૩૦ કલાકે કન્યા અને વરપક્ષના આગમન સાથે લગ્ન પ્રસંગની વિધિઓનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ બપોરે ૪ કલાકે વરરાજાઓની પીઠી વિધિ અને ૪:૪૫ કલાકે હસ્તમેળાપની પવિત્ર વિધિ યોજાઈ હતી. આ પ્રસંગે ૧૧ નવદંપતીઓએ વડીલો અને સંતોના આશીર્વાદ સાથે પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં. સમૂહલગ્નના આયોજન થકી સમાજમાં સહકાર, સંગઠન અને સામાજિક સમરસતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સમૂહ લગ્નમાં નવદંપતીઓના નવા જીવનની શરૂઆતને યાદગાર બનાવવા લગ્ન વિધિની સાથે ઘરવખરીની ભેટસોગાદો આપવામાં આવી હતી. દાતાઓ અને સેવાભાવી લોકોના સહયોગથી નવદંપતીઓને જીવન જરૂરી ચીજવસ્તુઓની ભેટ આપવામાં આવી હતી. આ આયોજન માત્ર લગ્ન પ્રસંગ પૂરતુંમર્યાદિત ન રહેતાં સમાજના આર્થિક રીતે જરૂરિયાતમંદ પરિવારોને સહયોગ આપવાની ભાવના સાથે જોડાયેલું રહ્યું હતું.

ગઈકાલે સાંજે ૫ કલાકે યોજાયેલી ધર્મસભામાં ઉપસ્થિત સંતો મહંતો અને મહાનુભાવોની હાજરીમાં ધાર્મિક વિચારોનું આદાનપ્રદાન થયું હતું. સંતોએ આશીર્વચન પાઠવ્યાં હતાં. તેમજ ભોજાબાપાની ભક્તિ, સેવા અને સંસ્કારની પરંપરાને યાદ કરીને ભાવિકોને જીવનમાં સદાચાર અને સેવાભાવ અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. મહોત્સવમાં યોગદાન આપનારા દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આમ, અમરેલી નજીક આવેલ ફતેપુર ગામે ભોજલધામ ખાતે નૂતન મંદિરના પ્રથમ પાટોત્સવની ઉજવણી ધાર્મિક આસ્થા સાથે સામાજિક જવાબદારી અને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ બની રહી હતી. ૧૧ દીકરીઓનાં સમૂહલગ્ન સહિતના સેવાકીય કાર્યક્રમોએ પાટોત્સવને વિશેષ યાદગાર બનાવ્યો હતો.

સાવરકુંડલા–લીલીયાનાં ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમત રંગ લાવી

સીમરણ, કરજાળા અને વીજયાનગરને રૂપિયા ૬.૭૬ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

વિવિધ માર્ગોને નવા બનાવાશે, માઈનોર બ્રિજ અને નાળાની કામગીરી કરાશે

આંગણવાડીનાં મકાન સહિતનાં કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવતાં ખૂશીનો માહોલ

ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની હારમાળા શરૂ થતાં ગ્રામ્ય જીવનમાં વ્યાપક પરિવર્તન આવશે

પીવાનાં પાણી, માર્ગ, વીજળી સહિતનાં પ્રશ્નો ક્રમશઃ દૂર થવા લાગતા ગ્રામજનો ખૂશીથી ઝુમી ઉઠયા



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની ગતિને વધુ વેગ આપવા તેમજ ગામડાઓમાં પાયાની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સીમરણ, કરજાળા અને વિજયાનગર ગામે કુલ રૂા. ૬.૭૬ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, વાહનવ્યવહાર અને અન્ય આવશ્યક સુવિધાઓનું માળખું મજબૂત બને તે માટે સરકાર દ્વારા વિવિધ વિકાસ યોજનાઓ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે સાવરકુંડલા તાલુકાનાં ત્રણ ગામોમાં અંદાજે રૂા. ૬.૭૬ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

સુવિધા પથ યોજના અંતર્ગત સીમરણ ગામે સીમરણ એપ્રોચ રોડના નિર્માણ માટે રૂા. ૧ કરોડના ખર્ચે થનારા સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગનું નિર્માણ થતાં ગામમાં અવરજવરની સુવિધા વધુ સરળ અને સુગમ બનશે. ખાસ કરીને ગ્રામજનો, ખેડૂતો તેમજ વાહનચાલકોને રોજિંદી અવરજવરમાં સુવિધા મળશે.

કરજાળા ગામે પણ સુવિધા પથ યોજના અંતર્ગત કરજાળા એપ્રોચ રોડના નિર્માણ માટે રૂા. ૬૦ લાખના ખર્ચે થનારા સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગના નિર્માણથી ગામને જોડતા માર્ગની સુવિધામાં વધારો થશે તેમજ ગ્રામજનોને આવન–જાવનમાં પડતી મુશ્કેલીઓમાં રાહત મળશે.

વિજયાનગર ગામે કુલ રૂા. ૫.૧૬ કરોડના ખર્ચે થનારા વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ગામના માર્ગો અને અન્ય પાયાની સુવિધાઓને ધ્યાનમાં રાખીને નીચે મુજબનાં કામોનો સમાવેશ થાય છે

વિજયાનગર – સાવરકુંડલા રોડ : રૂા. ૩ કરોડના ખર્ચે રીસરફેસિંગ, સી.સી. રોડ તથા નાળાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગના નવીનીકરણથી વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ તેનો લાભ મળશે.

સાંગાબાપા ગૌશાળા પાસે માઈનોર બ્રિજ અને સી.સી. રોડ : રૂા. ૨ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ તથા સી.સી. રોડના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામગીરીથી સ્થાનિક વિસ્તારમાં માર્ગ જોડાણ અને અવરજવરની સુવિધામાં સુધારો થશે.

આંગણવાડીનું નિર્માણ : રૂા. ૧૬ લાખના ખર્ચે વિજયાનગર ગામમાં આંગણવાડીના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સુવિધા ગામના ભૂલકાંઓના પ્રારંભિક શિક્ષણ, પોષણ અને સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બનશે.

આમ, સીમરણ ગામે રૂા. ૧ કરોડ, કરજાળા ગામે રૂા. ૬૦ લાખ અને વિજયાનગર ગામે રૂા. ૫.૧૬ કરોડ મળી કુલ રૂા. ૬.૭૬ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો પૂર્ણ થયા બાદ ત્રણેય ગામોમાં માર્ગ વ્યવસ્થા, વાહનવ્યવહાર, સ્થાનિક જોડાણ અને પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે.

ધારાસભ્ય દ્વારા સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસલક્ષી કામોને પ્રાધાન્ય આપી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો અંતર્ગત આ વિકાસકાર્યોને પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારોનો સર્વાંગી વિકાસ, નાગરિકોને પાયાની સુવિધાઓની ઉપલબ્ધિ અને ગામડાઓને વિકાસની મુખ્યધારા સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરાયેલા આ વિકાસકાર્યો સાવરકુંડલા તાલુકાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમા દક્ષાબેન ચોડવડીયા પ્રમુખ જીલ્લા પંચાયત અમરેલી, રજનીભાઈ ડોબરીયા પ્રમુખ તાલુકા ભાજપ સાવરકુંડલા, મુકેશભાઈ આદ્રોજા સદસ્ય પ્રતિનિધિ અમરેલી જીલ્લા પંચાયત, જીવનભાઈ વેકરિયા પૂર્વ પ્રમુખ તાલુકા ભાજપ તેમજ સરપંચો, સંગઠન હોદ્દેદારો, ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુપિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

સાંભળવાની તકલીફ છે ?
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ **સ્પે. નાયલોન ખમણ** મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com



શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી | મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦ અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૮૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે | આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.









૨૬ નવેમ્બર : સંવિધાન દિવસની ઉજવણી કરવી જોઈએ

ભારતના લોકશાહી ઈતિહાસનો ઐતિહાસિક દિવસ :

જે દિવસે ભારતની બંધારણ સભાએ દેશના નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યો આપતું બંધારણ સ્વીકાર્યું બંધારણ માત્ર કાયદાનું પુસ્તક નથી, પરંતુ દેશના દરેક નાગરિકના સ્વમાન, અધિકાર, સમાનતા અને લોકશાહી અસ્તિત્વનો પાયાનો દસ્તાવેજ છે. ભારતનું બંધારણ : સંઘર્ષ, વિચારવિમર્શ, લોકશાહી અને સામાજિક ન્યાયની ઐતિહાસિક ગાથા ભારત દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ સંવિધાન દિવસ (Constitution Day / Samvidhan Divas) ઉજવે છે. આ દિવસ માત્ર સરકારી કાર્યક્રમો, ભાષણો કે બંધારણની પ્રસ્તાવના વાંચવા પૂરતો મર્યાદિત નથી. આ દિવસ ભારતના લોકશાહી ઈતિહાસને સમજવાનો, બંધારણના ઘડવૈયાઓને યાદ કરવાનો, બંધારણીય અધિકારો પ્રત્યે જાગૃત થવાનો અને બંધારણમાં દર્શાવેલા આદર્શોને જીવનમાં ઉતારવાનો દિવસ છે.

૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ ભારતીય બંધારણનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ સમગ્ર બંધારણ અમલમાં આવ્યું અને ભારત એક પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. આ ઐતિહાસિક દિવસનું મહત્વ ખાસ કરીને મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, શ્રમિકો, ખેડૂતો, ગરીબો અને સામાજિક રીતે વંચિત સમુદાયો માટે વિશેષ છે. કારણ કે બંધારણે દરેક નાગરિકને કાયદા સમક્ષ સમાનતા, નાગરિક સ્વતંત્રતા, રાજકીય ભાગીદારી અને ન્યાય મેળવવાનો બંધારણીય આધાર પૂરો પાડ્યો છે.

૧. ભારતનું બંધારણ બનાવવાની જરૂરિયાત શા માટે ઊભી થઈ?

ભારત લાંબા સમય સુધી બ્રિટિશ શાસન હેઠળ રહ્યું હતું. બ્રિટિશ શાસન દરમિયાન ભારતીય નાગરિકોને સમાન રાજકીય અધિકારો પ્રાપ્ત નહોતા. સમાજમાં જાતિ આધારિત ભેદભાવ, અસ્પૃશ્યતા, સામાજિક અસમાનતા, આર્થિક શોષણ અને મહિલાઓના અધિકારો અંગે અનેક ગંભીર પ્રશ્નો હતા.

ભારતની આઝાદીની લડત દરમિયાન એક એવી વ્યવસ્થાની જરૂરિયાત અનુભવાઈ જેમાં દેશનું શાસન કોઈ રાજા, શાસક કે વિદેશી સત્તાની ઇચ્છા પ્રમાણે નહીં, પરંતુ ભારતના લોકો દ્વારા સ્વીકારવામાં આવેલા કાયદા અને બંધારણીય સિદ્ધાંતો પ્રમાણે ચાલે.આથી ભારત માટે પોતાનું બંધારણ બનાવવાની માંગ ઊભી થઈ. ૧૯૩૪માં એમ.એન.રોય દ્વારા બંધારણ સભાનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભારતીય રાષ્ટ્રીય આંદોલનમાં આ માંગને સમર્થન મળતું ગયું. ૧૯૪૬ માં બ્રિટિશ સરકારની કેબિનેટ મિશન યોજનાના આધારે બંધારણ સભાની રચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

૨. બંધારણ સભાની રચના અને સભ્યોની સંખ્યા

ભારતની બંધારણ સભાની મૂળ નિર્ધારિત સભ્ય સંખ્યા ૩૮૯ હતી. તેમાં :

બ્રિટિશ ભારતના પ્રાંતોમાંથી ૨૯૨ પ્રતિનિધિઓ. દેશી રજવાડાંમાંથી ૯૩ પ્રતિનિધિઓ. મુખ્ય કમિશનર હેઠળના પ્રદેશોમાંથી ૪ પ્રતિનિધિઓ. આ સભ્યોની પસંદગી સીધી સાર્વત્રિક મતદાન પદ્ધતિથી થઈ નહોતી. પ્રાંતીય ધારાસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિથી સભ્યો ચૂંટવામાં આવ્યા હતા. દેશી રજવાડાંના પ્રતિનિધિઓની પસંદગી રજવાડાં દ્વારા કરવામાં આવી હતી.

ભારતના ભાગલા બાદ પાકિસ્તાનના વિસ્તારોના સભ્યો અલગ થતાં ભારતની બંધારણ સભાની સભ્ય સંખ્યા ઘટીને ૨૯૯ થઈ હતી. આ સભામાં દેશના વિવિધ પ્રદેશો, ભાષાઓ, સામાજિક વર્ગો, રાજકીય વિચારો અને સમુદાયોના પ્રતિનિધિઓ જોડાયા હતા. બંધારણ સભામાં મહિલાઓનું પણ મહત્વપૂર્ણ યોગદાન હતું. હંસા મહેતા, દુર્ગાબાઈ દેશમુખ, દક્ષાયણી વેલાયુધન, રાજકુમારી અમૃત કેર, સુચેતા કૃપલાણી સહિતની મહિલાઓએ બંધારણ ઘડવાની પ્રક્રિયામાં ભાગ લીધો હતો. ખાસ નોંધનીય છે કે દક્ષાયણી વેલાયુધન બંધારણ સભાનાં અનુસૂચિત જાતિનાં મહિલા સભ્યોમાં હતાં. ઉ.બંધારણ સભાની પ્રથમ બેઠક કયારે મળી ?

ભારતની બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ નવી દિલ્હીના કાઉન્સિલ હાઉસના બંધારણ હોલમાં મળી હતી. આજનો આ જ ઐતિહાસિક હોલ સંસદ ભવનના સેન્ટ્રલ હોલ તરીકે ઓળખાય છે.

પ્રથમ બેઠકમાં ડો. સચ્ચિદાનંદ સિન્હાને કામચલાઉ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૧ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ ડા. રાજેન્દ્ર પ્રસાદને બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. બંધારણ સભાના ઉપાધ્યક્ષ તરીકે એચ.સી. મુખર્જીએ પણ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી હતી. ૪. બંધારણની વિચારધારા અને ઉદ્દેશ્ય પ્રસ્તાવ, ૧૩ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ પંડિત જવાહરલાલ નહેરુએ બંધારણ સભામાં ઉદ્દેશ્ય પ્રસ્તાવ (Objectives Resolution) રજૂ કર્યો હતો.

૨૨ જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. આ ઉદ્દેશ્ય પ્રસ્તાવમાં ભારતને સ્વતંત્ર, સાર્વભૌમ અને લોકશાહી રાષ્ટ્ર બનાવવાની દિશા નક્કી કરવામાં આવી હતી. તેમાં નાગરિકોને ન્યાય,સમાનતા, સ્વતંત્રતા અને અધિકારો આપવાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

આ જ ઉદ્દેશ્ય પ્રસ્તાવ આગળ જતાં ભારતીય બંધારણની પ્રસ્તાવનાના વિચારાત્મક પાયામાં મહત્વપૂર્ણ બન્યો.

૫. ડો.બાબા સાહેબ આંબેડકર અને બંધારણની મુસદ્દા સમિતિ

૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બંધારણ સભાએ મુસદ્દા સમિતિ (Drafting Committee) ની રચના કરી હતી. આ સમિતિના અધ્યક્ષ તરીકે ડો.ભીમરાવ રામજી આંબેડકરની પસંદગી કરવામાં આવી હતી.

મુસદ્દા સમિતિમાં મૂળ સાત સભ્યો હતા :

૧. ડો. બી.આર. આંબેડકર–અધ્યક્ષ. ૨. એન.ગોપાલસ્વામી આયંગર.૨. ૩.અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર.૪. કે.એમ. મુનશી. ૫.સૈયદ મહમ્મદ સાદુલ્લા. ૬.બી.એલ.મિટર.૨. ૭.ડી.પી.ખૈતાન. પછી બી.એલ. મિટરના સ્થાને એન.માધવ રાવ અને ડી.પી.ખૈતાનના અવસાન બાદ ટી.ટી.કૃષ્ણમાચારી સમિતિમાં જોડાયા હતા.

ડો. બાબાસાહેબ આંબેડકરનું ઐતિહાસિક યોગદાન

ડો. બાબાસાહેબ આંબેડકર માત્ર મુસદ્દા સમિતિના અધ્યક્ષ જ નહોતા, પરંતુ તેઓ કાયદા શાસ્ત્રી, અર્થશાસ્ત્રી, સામાજિક ચિંતક અને માનવ અધિકારોના પ્રખર હિમાયતી હતા. તેમણે બંધારણની જોગવાઈઓને કાયદાકીય સ્વરૂપ આપવામાં, વિવિધ સમિતિઓના નિર્ણયોનું સંકલન કરવામાં અને બંધારણ સભામાં વિવિધ જોગવાઈઓ અંગે ઊંડાણ પૂર્વકની ચર્ચા કરવામાં કેન્દ્ર સ્થાને રહી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બંધારણ ઘડવાની પ્રક્રિયા સામૂહિક હતી. તેમાં બંધારણ સભાના તમામ સભ્યો, વિવિધ સમિતિઓ, બંધારણીય સલાહકાર બી.એન. રાવ અને મુસદ્દા સમિતિનું યોગદાન હતું. આ સમગ્ર પ્રક્રિયામાં ડો.આંબેડકરનું નેતૃત્વ અને યોગદાન ઐતિહાસિક મહત્વ ધરાવે છે.

૬. બંધારણ બનાવવામાં કેટલો સમય લાગ્યો ?

ભારતીય બંધારણ તૈયાર કરવાની પ્રક્રિયા લગભગ ત્રણ વર્ષ ચાલી હતી.

પ્રથમ બેઠક : ૯ ડિસેમ્બર, ૧૯૪૬.
બંધારણ સ્વીકાર : ૨૬ નવેમ્બર, ૧૯૪૯.
કુલ સમય : ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૭ દિવસ.
કુલ બેઠકો : ૧૧ સત્રો.
કુલ ચર્ચા અને બેઠકના દિવસો : ૧૬૫ દિવસ.
મુસદ્દા બંધારણ પર વિગતવાર ચર્ચા : ૧૧૪ દિવસ.

બંધારણ સભામાં દરેક મહત્વપૂર્ણ જોગવાઈ અંગે ચર્ચા કરવામાં આવી હતી. મુસદ્દા બંધારણમાં હજારો સુધારા સૂચવવામાં આવ્યા હતા. વિવિધ સુધારા, રજૂઆતો અને ચર્ચાઓ બાદ અંતિમ બંધારણ તૈયાર થયું હતું. આ પ્રક્રિયા દર્શાવે છે કે ભારતનું બંધારણ કોઈ એક વ્યક્તિએ પોતાની મરજીથી તૈયાર કરેલું દસ્તાવેજ નથી, પરંતુ લાંબી ચર્ચા, વિચારવિમર્શ અને સામૂહિક બંધારણીય પ્રક્રિયાનું પરિણામ છે.

૭. બંધારણનો મુસદ્દો કયારે રજૂ થયો?

૪ નવેમ્બર, ૧૯૪૮ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકરે બંધારણનો મુસદ્દો બંધારણ સભા સમક્ષ રજૂ કર્યો હતો. ત્યારબાદ બંધારણની વિવિધ કલમો પર વિસ્તૃત ચર્ચા થઈ. સભ્યોએ વિવિધ સુધારા રજૂ કર્યા અને દરેક મહત્વપૂર્ણ જોગવાઈ પર પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા. ૧૭ નવેમ્બર, ૧૯૪૯ થી અંતિમ તબક્કાની ચર્ચા શરૂ થઈ અને ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ બંધારણને સ્વીકાર્યું.

૮. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ શું ઐતિહાસિક ઘટના બની ?

આ દિવસે બંધારણ સભાએ ભારતીય બંધારણને સ્વીકારી, અમલમાં મૂકવા અને પોતાને અર્પણ કરવાનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો હતો. બંધારણની પ્રસ્તાવનાના અંતિમ શબ્દોમાં આ તારીખનો સ્પષ્ટ ઉલ્લેખ છે :

"IN OUR CONSTITUENT ASSEMBLY this 26th day of November, 1949, do HEREBY ADOPT, ENACT AND GIVE TO OURSELVES THIS CONSTITUTION." એટલે કે ભારતના લોકોએ પોતાની બંધારણ સભા મારફતે આ બંધારણ પોતાને અર્પણ કર્યું. આથી ૨૬ નવેમ્બર ભારતના બંધારણીય ઈતિહાસમાં અત્યંત મહત્વપૂર્ણ દિવસ છે.

૯. બંધારણ પર હસ્તાક્ષર કયારે કરવામાં આવ્યા ?

૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ સભાના ૨૮૪ સભ્યોએ બંધારણના મૂળ દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગ પણ ભારતના બંધારણીય ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના છે. બંધારણના મૂળ દસ્તાવેજની અંગ્રેજી અને હિન્દી આવૃત્તિઓને સુંદર સુલેખન અને કલાત્મક ચિત્રોથી તૈયાર કરવામાં આવી હતી.

૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ જ બંધારણ સભાની અંતિમ બેઠક મળી હતી. આ બેઠકમાં ડો.રાજેન્દ્ર પ્રસાદને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

૧૦. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ જ બંધારણ કેમ અમલમાં આવ્યું?

એક મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે જો બંધારણ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ સ્વીકારવામાં આવ્યું હતું, તો તે જ દિવસે અમલમાં કેમ ન આવ્યું ? તેનું ઐતિહાસિક કારણ છે.

૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનમાં પૂર્ણ સ્વરાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આઝાદીની ચળવળના આ ઐતિહાસિક દિવસનું મહત્વ જાળવી રાખવા માટે બંધારણનો અમલ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ થી કરવામાં આવ્યો. આ દિવસે ભારત સત્તાવાર રીતે પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું.

આમ, ૨૬ નવેમ્બર બંધારણ સ્વીકારનો દિવસ છે અને ૨૬ જાન્યુઆરી બંધારણ અમલમાં આવવાનો દિવસ છે.

૧૧. ભારતીય બંધારણની મુખ્ય જોગવાઈઓ અને નાગરિકોના અધિકારો : ભારતીય બંધારણ વિશ્વના સૌથી વિસ્તૃત લેખિત રાષ્ટ્રીય બંધારણોમાંનું એક છે. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ સ્વીકારવામાં આવેલા મૂળ બંધારણમાં ૩૯૫ અનુચ્છેદો, ૨૨ ભાગો અને ૮ અનુસૂચિઓ હતી. સમયાંતરે બંધારણીય સુધારાઓ દ્વારા તેમાં ફેરફારો થયા છે.

ભારતીય બંધારણના કેટલાક મહત્વપૂર્ણ અનુચ્છેદો નીચે મુજબ છે:

(અ) મૂળભૂત અધિકારો – ભાગ ૩, (અનુચ્છેદ ૧૨ થી ૩૫)
નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે છે.

અનુચ્છેદ ૧૪ : કાયદા સમક્ષ સમાનતા.

અનુચ્છેદ ૧૫ : ધર્મ, જાતિ, વંશ, લિંગ અથવા જન્મસ્થળના આધારે ભેદભાવનો પ્રતિબંધ.

અનુચ્છેદ ૧૬ : સરકારી નોકરીમાં સમાન તક.

અનુચ્છેદ ૧૭ : અસ્પૃશ્યતાનો અંત અને તેનો કોઈપણ સ્વરૂપે આચરણ દંડનીય ગુનો.

અનુચ્છેદ ૧૯ : વાણી અને અભિવ્યક્તિ સહિતની સ્વતંત્રતાઓ.

અનુચ્છેદ ૨૧ : જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ.

અનુચ્છેદ ૨૧(ક) : ૬થી ૧૪ વર્ષનાં બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ.

અનુચ્છેદ ૨૩ : માનવ તસ્કરી અને બળ જબરીથી કામ કરાવવાની મનાઈ.

અનુચ્છેદ ૨૪ : ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને જોખમી વ્યવસાયોમાં કામે રાખવાની મનાઈ.

અનુચ્છેદ ૨૫ : અંતરાત્માની સ્વતંત્રતા અને ધર્મ પાળવાની સ્વતંત્રતા.

અનુચ્છેદ ૩૨ : મૂળભૂત અધિકારોના અમલ માટે સર્વોચ્ચ અદાલતમાં જવાનો અધિકાર.

ડો. બાબાસાહેબ આંબેડકરે અનુચ્છેદ ૩૨ ને બંધારણનું 'હૃદય અને આત્મા' ગણાવ્યો હતો.

(બ) રાજયની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો – ભાગ ૪
અનુચ્છેદ ૩૮ થી ૫૧

રાજયે સામાજિક અને આર્થિક ન્યાય આધારિત સમાજની રચના કરવા માટે કઈ દિશામાં કાર્ય કરવું જોઈએ તે દર્શાવે છે.

અનુચ્છેદ ૩૮ : સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આધારિત વ્યવસ્થા.

અનુચ્છેદ ૩૯ : સમાન આજીવિકા અને આર્થિક ન્યાયના સિદ્ધાંતો.

અનુચ્છેદ ૩૯(ક) : સમાન ન્યાય અને મફત કાનૂની સહાય.

અનુચ્છેદ ૪૧ : કામ, શિક્ષણ અને જાહેર સહાય અંગેની જોગવાઈ.

અનુચ્છેદ ૪૨ : માનવીય કામની પરિસ્થિતિ અને પ્રસૂતિ સહાય.

અનુચ્છેદ ૪૩ : શ્રમિકોને જીવનનિર્વાહ યોગ્ય વેતન.

અનુચ્છેદ ૪૬ : અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોનું સંવર્ધન.

(ક) મૂળભૂત ફરજો – ભાગ ૪(ક)
અનુચ્છેદ ૫૧(ક)

દરેક નાગરિકની મૂળભૂત ફરજો દર્શાવવામાં આવી છે. તેમાં :

(૧) બંધારણ અને તેની સંસ્થાઓનું સન્માન કરવું.(૨) રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગાનનું સન્માન કરવું.(૩)સ્વાતંત્ર્ય સંગ્રામના આદર્શોનું પાલન કરવું.(૪) દેશની એકતા અને અખંડિતતાનું રક્ષણ કરવું.(૫) ભાઈચારો અને સામાજિક સમરસતા જાળવવી.(૬) મહિલાઓના ગૌરવને ઠેસ પહોંચાડતી પ્રથાઓનો ત્યાગ કરવો.(૭)વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદ અને સુધારાની ભાવના વિકસાવવી.(૮) જાહેરસંપત્તિનું રક્ષણ કરવું.

(ડ) અનુસૂચિત જાતિ અને જનજાતિના અધિકારો

બંધારણે ઐતિહાસિક રીતે વંચિત સમુદાયોના ઉત્થાન માટે વિશેષ જોગવાઈઓ કરી છે.

અનુચ્છેદ ૧૫(૪) : સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોતથા SC/ST માટે વિશેષ જોગવાઈ.

અનુચ્છેદ ૧૬(૪) : પછાત વર્ગો માટે સરકારી નોકરીમાં અનામતની જોગવાઈ.

અનુચ્છેદ ૧૭ : અસ્પૃશ્યતાનો અંત.

અનુચ્છેદ ૪૬ : SC/ST અને નબળા વર્ગોના હિતોનું રક્ષણ.

અનુચ્છેદ ૩૩૦ : લોકસભામાં SC/ST માટે બેઠકોની અનામત.

અનુચ્છેદ ૩૩૨ : રાજય વિધાનસભાઓમાં SC/ST માટે બેઠકોની અનામત.

અનુચ્છેદ ૩૩૫ : સરકારી સેવાઓ અને હોદ્દાઓમાં SC/ST ના દાવાઓની વિચારણા.

અનુચ્છેદ ૩૩૮ : રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ.

અનુચ્છેદ ૩૩૮(ક) : રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ.

અનુચ્છેદ ૩૪૧ : અનુસૂચિત જાતિઓની યાદી.

અનુચ્છેદ ૩૪૨ : અનુસૂચિત જનજાતિઓની યાદી.

(ઈ) લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થા :

અનુચ્છેદ ૩૨૪ : ચૂંટણી પંચની સત્તા અને જવાબદારી.

અનુચ્છેદ ૩૨૫ : ધર્મ, જાતિ, વંશ કે લિંગના આધારે મતદાર યાદીમાંથી બાકાત રાખવાની મનાઈ.

અનુચ્છેદ ૩૨૬ : પુખ્ત મતાધિકારના આધારે ચૂંટણી.

અનુચ્છેદ ૩૨૮ : બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા અને પ્રક્રિયા.

આ જોગવાઈઓ ભારતીય લોકશાહી વ્યવસ્થાનો પાયો છે.

૧૨. બંધારણની પ્રસ્તાવના : ભારતના દરેક નાગરિક માટે સમાનતાનો સંકલ્પ ભારતીય બંધારણની પ્રસ્તાવના બંધારણની આત્મા અને તેના મૂળભૂત ઉદ્દેશ્યોનું પ્રતિબિંબ છે. પ્રસ્તાવનામાં ભારતને સાર્વભૌમ,સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી પ્રજાસત્તાક તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. દરેક નાગરિકને નીચેના ચાર મૂળ ભૂત આદર્શોની ખાતરી આપવાનો હેતુ દર્શાવવામાં આવ્યો છે :૧. ન્યાય (JUSTICE), સામાજિક ન્યાય, આર્થિક ન્યાય,રાજકીય ન્યાય, ૨. સ્વતંત્રતા (LIBERTY) વિચારની સ્વતંત્રતા. અભિવ્યક્તિની સ્વતંત્રતા. માન્યતાની સ્વતંત્રતા. ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા. ૩. સમાનતા (EQUALITY) દરજ્જની સમાનતા. તકની સમાનતા. ૪. બંધુતા (FRATERNITY) વ્યક્તિના ગૌરવનું રક્ષણ.

રાષ્ટ્રની એકતા અને અખંડિતતા. આ ચારેય આદર્શો ભારતીય લોકશાહીનું નૈતિક અને બંધારણીય માળખું તૈયાર કરે છે. ૧૩. ૨૬ નવેમ્બરની ઉજવણી શા માટે અનિવાર્ય છે ? ૨૬ નવેમ્બરની ઉજવણી કરવી એટલે માત્ર એક ઐતિહાસિક તારીખ યાદ કરવી નહીં, પરંતુ આપણા બંધારણીય અધિકારો અને ફરજો વિશે સમાજમાં જાગૃતિ લાવવી.

આ દિવસ ઉજવવાના કેટલાકમહત્વપૂર્ણ હેતુઓ છે:

૧. બંધારણીય જાગૃતિ : દરેક નાગરિકને પોતાના અધિકારો અને ફરજોની જાણકારી મળે.

૨. સામાજિક સમાનતા : જાતિ, ધર્મ, ભાષા, લિંગ કે જન્મ સ્થળ ના આધારે ભેદભાવ સામે જાગૃતિ આવે.

૩. અસ્પૃશ્યતા નાબૂદી : અનુચ્છેદ ૧૭ નો વાસ્તવિક અમલ થાય અને જાતિ આધારિત ભેદભાવનો અંત આવે.

૪. મહિલાઓનું સશક્તિકરણ : મહિલાઓને સમાન અધિકાર, સન્માન, સુરક્ષા અને તક મળે.

૫. શિક્ષણનો અધિકાર : ગરીબ અને વંચિત બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય.

૬. રાજકીય જાગૃતિ : દરેક પુખ્ત નાગરિક પોતાના મતાધિકારનું મહત્વ સમજે.

૭. સામાજિક અને આર્થિક ન્યાય : શ્રમિકો, ખેડૂતો,ગરીબો અને વંચિત સમુદાયોને ન્યાયપૂર્ણ તક મળે.

૮. બંધારણીય સંસ્થાઓનું સન્માન : ન્યાયતંત્ર, સંસદ,ચૂંટણી પંચ અને અન્ય બંધારણીય સંસ્થાઓની ભૂમિકા સમજાય.

૯. વૈજ્ઞાનિક અભિગમ : અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને સામાજિક રૂઢિઓ સામે વૈજ્ઞાનિક વિચારધારા વિકસે.

૧૦. લોકશાહીનું રક્ષણ : સત્તા કરતાં બંધારણ સર્વોપરી છે અને દરેક વ્યક્તિ તથા સંસ્થા બંધારણના કાયદાકીય માળખાને આધીન છે તે સમજાય.

૧૪. માત્ર ઉજવણી નહીં, બંધારણના અમલ માટે સંકલ્પ લેવો જરૂરી

આજે આપણે ૨૬ નવેમ્બરે બંધારણ દિવસની ઉજવણી કરીએ છીએ ત્યારે એક મહત્વપૂર્ણ પ્રશ્ન દરેક નાગરિકે પોતાની જાતને પૂછવો જોઈએ : શું આપણા સમાજમાં આજે પણ જાતિ આધારિત ભેદભાવ, અસ્પૃશ્યતા, મહિલાઓ સામે અન્યાય, આર્થિક અસમાનતા, શૈક્ષણિક વંચિતતા અને સામાજિક શોષણ અસ્તિત્વ ધરાવે છે ?

જો હા, તો બંધારણ દિવસની ઉજવણી માત્ર ઔપચારિક કાર્યક્રમ બનીને ન રહી જાય તે માટે સમાજમાં બંધારણીય જાગૃતિ ફેલાવવી જરૂરી છે. બંધારણમાં આપવામાં આવેલા અધિકારોનો વાસ્તવિક લાભ દરેક નાગરિક સુધી પહોંચે, સરકારી તંત્ર બંધારણીય જવાબદારીઓનું પાલન કરે અને અન્યાય સામે નાગરિકોને ન્યાય મળે તે લોકશાહીની આવશ્યકતા છે. બંધારણ આપણને અધિકારો આપે છે, પરંતુ તેની સાથે નાગરિક તરીકેની ફરજો પણ યાદ અપાવે છે.

૧૫. આવો, ૨૬ નવેમ્બરને લોકજાગૃતિના મહાપર્વ તરીકે ઉજવીએ !

૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતે પોતાનું બંધારણ સ્વીકારીને દુનિયાને બતાવ્યું હતું કે વિવિધ ભાષા, ધર્મ, સંસ્કૃતિ, જાતિ અને સામાજિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો એક બંધારણીય વ્યવસ્થામાં સાથે રહી શકે છે.

આપણે આ દિવસે:

ગામેગામ અને મહોલ્લે મહોલ્લે બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરીએ. શાળાઓ, કોલેજો અને જાહેર સ્થળોએ બંધારણીય જાગૃતિ કાર્યક્રમો યોજીએ. યુવાનોને મૂળભૂતઅધિકારો અને ફરજોની જાણકારી આપીએ. મહિલાઓ અને વંચિત સમુદાયોને તેમના કાનૂની અધિકારો સમજાવીએ. બંધારણના ઘડવૈયાઓના યોગદાનને યાદ કરીએ. ડો.બાબાસાહેબ આંબેડકરના સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના વિચારોને સમાજ સુધી પહોંચાડીએ. જાતિભેદ, અસ્પૃશ્યતા અને સામાજિક અન્યાય સામે બંધારણીય માર્ગે જાગૃતિ લાવીએ.

આપણું બંધારણ, આપણું સ્વમાન ! આપણું બંધારણ, આપણા અધિકારોની સુરક્ષા ! આપણું બંધારણ, આપણી લોકશાહીનું અસ્તિત્વ ! ૨૬ નવેમ્બર માત્ર એક દિવસ નથી, પરંતુ ભારતના દરેક નાગરિકને પોતાના અધિકારો, ફરજો અને બંધારણીય મૂલ્યોનું સ્મરણ કરાવતો ઐતિહાસિક દિવસ છે. ચાલો, બંધારણને માત્ર પુસ્તકમાં નહીં, પરંતુ આપણા જીવનમાં ઉતારીએ.

જય સંવિધાન !, જય ભીમ !, નમો બુદ્ધાય !, જય ભારત !

શ્રી કાંતિલાલ પરમાર
સામાજિક કાર્યકર્તા
અમદાવાદ(ગુજરાત)
મો. ૯૮૨૭૭ ૪૫૩૬૭

સા.કુંડલા : નવજાત શિશુમાં કમળો : પરંપરાગત માન્યતાઓ, વૈજ્ઞાનિક તથ્યો અને પ્રસૂતા માતાની સંભાળ અંગે જનજાગૃતિ અત્યંત આવશ્યક

સાવરકુંડલા, તા.૨૫

માતૃત્વ ધારણ કરવું એ કોઈપણ સ્ત્રી અને તેના પરિવાર માટે જીવનનો સૌથી આનંદદાયક અવસર હોય છે. જોકે, આજના સમયમાં નવજાત શિશુઓમાં જન્મ બાદ કમળા (Neonatal Jaundice) ના લક્ષણો જોવા મળવા એ એક સામાન્ય બાબત બની ગઈ છે. આ પરિસ્થિતિમાં ગભરાવાને બદલે યોગ્ય વૈજ્ઞાનિક સમજ, તબીબી માર્ગદર્શન અને પ્રસૂતા માતાની યોગ્ય સંભાળ લેવામાં આવે તો બાળક અને માતા બંને સ્વસ્થ રહી શકે છે. આ અંગે ગાયનેકોલોજિસ્ટ અને બાળરોગ નિષ્ણાતો દ્વારા પરિવારજનોને અગાઉથી જાગૃત કરવામાં આવે તે સમયની તાતી જરૂરિયાત છે.

નવજાત શિશુમાં કમળો શા માટે થાય છે? (વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ)

જન્મ સમયે નવજાત શિશુના શરીરમાં લાલ રક્તકણો (RBC) વધુ પ્રમાણમાં હોય છે, જે ઝડપથી તૂટતા 'બિલીરૂબિન' (Bilirubin) નામનું પીળું તત્વ ઉત્પન્ન થાય છે. નવજાત શિશુનું લિવર(યકૃત) હજુ પૂર્ણ રીતે વિકસિત ન હોવાથી તે આ બિલીરૂબિનને ઝડપથી શરીરની બહાર કાઢી શકતું નથી. પરિણામે, બાળકની ચામડી અને આંખોમાં પીળાશ જોવા મળે છે, જેને સામાન્ય ભાષામાં કમળો કહેવામાં આવે છે. જન્મના ૨ થી ૪ દિવસમાં ચહેરા, છાતી, પેટ અને આંખોના સફેદ ભાગમાં પીળાશ દેખાવી.

માતાનું ધાવણ (Breastfeeding) : બાળકને જન્મના એક કલાકમાં જ અને ત્યારબાદ દર ૨ થી ૩ કલાકે માતાનું દૂધ (ખાસ કરીને શરૂઆતનું પીળું ઘટ્ટ દૂધ – કોલોસ્ટ્રમ) પીવડાવવું સૌથી અકસીર ઈલાજ છે. તેનાથી બાળકને



ઝાડા – પેશાબ વાટે બિલીરૂબિન બહાર કાઢવામાં મદદ મળે છે. તબીબની સલાહ મુજબ, વહેલી સવારના કુમળા તડકામાં (સવારે ૭ થી ૮ વાગ્યાની વચ્ચે, ૧૦–૧૫ મિનિટ માટે) બાળકને આંખો ઢાંકીને રાખવાથી કુદરતી રીતે બિલીરૂબિન ઘટવામાં મદદ મળે છે.

જો બિલીરૂબિનનું સ્તર વધુ હોય, તો હોસ્પિટલમાં ખાસ પ્રકારની વાદળી લાઈટ (ફોટોથેરાપી) હેઠળ બાળકને રાખીને સારવાર કરવામાં આવે છે, જે સંપૂર્ણપણે સુરક્ષિત છે.

આપણા સમાજમાં વર્ષોથી કહેવત પ્રચલિત છે કે 'ગળથૂંથી કોણે પીવડાવી છે ?' પહેલાના સમયમાં નવજાત શિશુને ગોળનું પાણી કે ગાયનું ઘી ગળથૂથી તરીકે આપવાની પ્રથા હતી. જોકે, આધુનિક બાળરોગ વિજ્ઞાન અને વિશ્વ આરોગ્યસંસ્થા (WHO) મુજબ, જન્મના પ્રથમ ૬ મહિના સુધી બાળકને માતાના દૂધ સિવાય પાણી, ગોળ, મધ કે ઘી જેવી કોઈપણ વસ્તુ ન આપવી જોઈએ. નવજાત શિશુનું પાચનતંત્ર અત્યંત નાજુક હોય છે અને બહારની વસ્તુઓ આપવાથી ચેપ (Infection) લાગવાનું જોખમ રહે છે. માતાનું પ્રથમ દૂધ એ જ બાળક માટે સાચી અને શ્રેષ્ઠ ગળથૂથી છે.

પ્રસૂતા માતાની સંભાળ : 'કોની મા

હવે દેશમાં જ બનશે ટનલ બોરિંગ મશીન અને ક્રેન

મોદી કેબિનેટે રૂપિયા ૧૯,૯૩૪ કરોડના ૫ પ્રોજેક્ટને આપી મંજૂરી

ચીન પરની આયાત નિર્ભરતા ઘટાડવા ૧૧ હજાર કરોડની યોજના; આસામમાં નવું એરપોર્ટ, તમિલનાડુમાં કન્ટેનર ટર્મિનલ અને પોસ્ટલ સેવાઓનું આધુનિકીકરણ થશે

નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશના માળખાકીય વિકાસ અને ઔદ્યોગિક ક્ષેત્રને વેગ આપવા માટે કુલ રૂ. ૧૯,૯૩૪ કરોડના પાંચ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયોમાં ભારતમાં જ ટનલ બોરિંગ મશીન, ક્રેન અને બુલડોઝર સહિતનાં ભારે બાંધકામ ઉપકરણોનું ઉત્પાદન કરવા માટેની યોજના, તમિલનાડુમાં નવા કન્ટેનર ટર્મિનલનું નિર્માણ, આસામમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ, તેમજ પોસ્ટલ સેવાઓ અને સરકારી મિલકતોના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયોથી દેશમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળવાની સાથે આયાત પરની નિર્ભરતા ઘટાડવા, રોકાણ વધારવા અને રોજગારીની નવી તકો ઊભી થવાની અપેક્ષા છે. કેન્દ્રીય કેબિનેટે કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મશીનરીના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના આગામી આઠ વર્ષ સુધી અમલમાં રહેશે. હાલમાં ભારતની જરૂરિયાતનાં અંદાજે ૪૫ ટકા બાંધકામ ઉપકરણો વિદેશમાંથી આયાત કરવામાં આવે છે.

આ આયાત નિર્ભરતા ઘટાડવા માટે ટનલ બોરિંગ મશીન, એક્સકેવેટર, ક્રેન અને બુલડોઝર સહિત સાત શ્રેણીનાં ભારે ઉપકરણોનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત એન્જિન અને હાઈડ્રોલિક સિસ્ટમ સહિત પાંચ મુખ્ય ઘટકોના સ્થાનિક ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. મશીનોના પરીક્ષણ માટે **ARAI**ને રૂ. ૩૭૫ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

આ યોજનાથી અંદાજે રૂ. ૨૧,૦૦૦ કરોડનું રોકાણ આવવાની અપેક્ષા છે. કેબિનેટે તમિલનાડુના કામરાજાર પોર્ટ લિમિટેડ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના નિર્માણને પણ મંજૂરી આપી છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (**PPP**) મોડલ હેઠળ તૈયાર થનારા આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૪,૨૮૮.૨૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આશરે ૯૦૦ મીટર લાંબું આ ટર્મિનલ બે તબક્કામાં વિકસાવવામાં આવશે. તેની વાર્ષિક હેન્ડલિંગ ક્ષમતા ૨૦ લાખ TEU જેટલી રહેશે. આ ટર્મિનલ મોટા કન્ટેનર જહાજોને સંભાળવામાં સક્ષમ બનશે. પ્રોજેક્ટથી આશરે ૧,૫૫૦ લોકોને રોજગારી મળવાની સંભાવના છે. આ પ્રોજેક્ટનો સંપૂર્ણ ખર્ચ ખાનગી ભાગીદારો દ્વારા ઉઠાવવામાં આવશે. ઉત્તર-પૂર્વ ભારતના હવાઈ જોડાણને મજબૂત બનાવવા માટે આસામના સિલચર નજીક ડોલૂ ખાતે નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૨,૦૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા એરપોર્ટમાં ૧૨,૩૫૧ ચોરસ મીટર વિસ્તારમાં આધુનિક ટર્મિનલ બનાવવામાં આવશે. તે પીક અવર્સ દરમિયાન ૮૦૦ મુસાફરોને સંભાળી શકશે. એરપોર્ટ પર **A-320** વિમાનો માટે ૨,૭૦૫ મીટર લાંબો રનવે અને એકસાથે છ વિમાનો પાર્ક કરવાની સુવિધા હશે. આ એરપોર્ટ કાર્યરત થતાં દક્ષિણ આસામના બરાક ખીણ વિસ્તાર ઉપરાંત આસપાસનાં રાજ્યોમાં વેપાર, કૃષિ, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને વેગ મળવાની અપેક્ષા છે.ભારતીય ટપાલ વિભાગની કામગીરીને વધુ આધુનિક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે પોસ્ટલ ઓપરેશન્સ સ્કીમ હેઠળ રૂ. ૧,૧૪૧ કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના દ્વારા ટપાલ સેવાઓની કામગીરી અને વ્યવસ્થાપનને વધુ સુદૃઢ બનાવવાનો હેતુ છે. કેબિનેટે એસ્ટેટ મેનેજમેન્ટ સ્કીમ હેઠળ રૂ. ૧,૪૯૧ કરોડની ફાળવણીને પણ મંજૂરી આપી છે. આ રકમનો ઉપયોગ ટપાલ વિભાગની મિલકતો, ઈમારતો અને માળખાકીય સુવિધાઓના યોગ્ય સંચાલન, જાળવણી અને આધુનિકીકરણ માટે કરવામાં આવશે.

કેન્દ્ર સરકારના આ પાંચ નિર્ણયોમાં ઔદ્યોગિક ઉત્પાદનથી લઈને પરિવહન, બંદર વિકાસ અને ટપાલ સેવાઓ સુધીના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને ભારે બાંધકામ મશીનરીનું ભારતમાં ઉત્પાદન શરૂ થવાથી વિદેશી આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. સાથે જ નવા એરપોર્ટ અને કન્ટેનર ટર્મિનલથી વેપાર તથા પરિવહન ક્ષેત્રને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

ભારતીય શેરબજારમાં જોરદાર તેજી

સેન્સેક્સ ૧,૫૦૨ પોઇન્ટ ઉછળ્યો અને નિફ્ટી ૨૫,૮૧૯ પર બંધ

બેન્કિંગ, ફાર્મા અને FMCG ક્ષેત્રના શેરોમાં થયેલી ખરીદીએ બજારને મજબૂત ટેકો આપ્યો હતો

મુંબઈ, તા.૨૫

ભારતીય શેરબજારમાં બુધવારે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. સપ્તાહના કારોબારમાં રોકાણકારોનો ઉત્સાહ વધતાં **BSE** સેન્સેક્સ અને **NSE** નિફ્ટી બંનેમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો. છેલ્લા કેટલાક દિવસોથી બજારમાં જોવા મળતી અસ્થિરતા વચ્ચે બુધવારનો દિવસ રોકાણકારો માટે રાહતભર્યો રહ્યો હતો. બેન્કિંગ, ફાર્મા અને **FMCG** ક્ષેત્રના શેરોમાં થયેલી ખરીદીએ બજારને મજબૂત ટેકો આપ્યો હતો.

બુધવારના કારોબારના અંતે **BSE** સેન્સેક્સ ૧,૫૦૨.૨૯ પોઇન્ટ એટલે કે ૧.૮૨ ટકાના ઉછાળા સાથે ૮૩,૯૩૮.૨૮ના સ્તરે બંધ થયો હતો. જ્યારે **NSE** નિફ્ટી ૪૬૯.૬૦ પોઇન્ટ એટલે કે ૧.૮૫ ટકા વધીને ૨૫,૮૧૯.૨૫ના સ્તરે બંધ થયો હતો. દિવસ દરમિયાન સેન્સેક્સ ૮૪,૪૯૮.૨૧ના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટીએ ૨૫,૯૫૧.૬૫નું ઉચ્ચતમ સ્તર નોંધાવ્યું હતું. આ તેજીથી બજારમાં ફરી સકારાત્મક માહોલ ઊભો થયો હતો. શેરબજારમાં આવેલી તેજી પાછળ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (**FII**) દ્વારા સતત કરવામાં આવતી ખરીદી મહત્વપૂર્ણ કારણ બની હતી. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને ભારતીય રૂપિયાની મજબૂતીથી પણ રોકાણકારોના વિશ્વાસમાં વધારો થયો હતો. વૈશ્વિક બજારોમાં અસ્થિરતા હોવા છતાં ભારતીય બજારમાં ખરીદીનું પ્રમાણ વધ્યું હતું.

આજના કારોબારમાં બેન્કિંગ અને **FMCG** ક્ષેત્રના શેરોમાં ખાસ તેજી જોવા મળી હતી. હિન્દુસ્તાન યુનિલિવરના શેરમાં આશરે ૫.૯૪ ટકા અને **ICICI** બેન્કના શેરમાં ૩.૪૪ ટકાનો વધારો નોંધાયો હતો. ફાર્મા અને નાણાકીય ક્ષેત્રના શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી. જોકે, મેટલ અને મીડિયા ક્ષેત્રના કેટલાક શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

શેરબજારમાં આવેલી આ તેજીથી રોકાણકારોમાં આશાવાદ વધ્યો છે. જોકે, બજારમાં હજુ પણ વૈશ્વિક પરિસ્થિતિ, ક્રૂડ ઓઇલના ભાવ, વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ અને કંપનીઓનાં પરિણામોની અસર જોવા મળી શકે છે. તેથી રોકાણકારોએ કોઈપણ નિર્ણય લેતાં પહેલાં બજારની સ્થિતિનો અભ્યાસ કરવો જરૂરી છે.બુધવારનો દિવસ ભારતીય શેરબજાર માટે ઉત્સાહજનક રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધાયેલા મોટા ઉછાળાએ રોકાણકારોને રાહત આપી હતી. આગામી દિવસોમાં બજાર આ તેજી જાળવી રાખે છે કે નહીં તેના પર સૌની નજર રહેશે.

અઠાવલે અને સંજય રાઉતનાં નિવેદનોથી ચર્ચા ગરમાઈ

શરદ પવાર એનડીએમાં જોડાશે? મહારાષ્ટ્રના રાજકારણમાં અટકળો તેજ

રામદાસ અઠાવલેનો દાવો – ૨૦૧૯માં NDAમાં આવ્યા હોત તો મોદી તેમને રાષ્ટ્રપતિ બનાવત

મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ફેરફારની અટકળોએ જોર પકડ્યું છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવાર **NDA**માં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલે, મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળ અને શિવસેના (**UBT**)ના નેતા સંજય રાઉતનાં નિવેદનો સામે આવ્યાં છે. જોકે, શરદ પવાર **NDA**માં જોડાશે કે નહીં તે અંગે અત્યાર સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલેએ દાવો કર્યો છે કે જો શરદ પવાર વર્ષ ૨૦૧૯માં **NDA** સાથે જોડાયા હોત તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને વર્ષ ૨૦૨૨ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર બનાવવાનું વિચારી શક્યા હોત. અઠાવલેના જણાવ્યા અનુસાર વડાપ્રધાન મોદી શરદ પવારનું ખૂબ સન્માન કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં તેમણે પોતે પણ શરદ પવારને કોમન મિનિમમ પ્રોગ્રામના આધારે **NDA**માં જોડાવા માટે અનેક વખત વિનંતી કરી હતી. જોકે, તે સમયે આ રાજકીય પ્રયાસ સફળ થયો નહોતો. શરદ પવારના **NDA**માં જોડાવાની અટકળો વચ્ચે મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે વ્યક્તિગત રીતે તેમને એવું લાગતું નથી કે શરદ પવાર **NDA**માં જોડાશે. જોકે, પવારના રાજકીય અનુભવ અને અલગ વ્યક્તિત્વનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તેઓ ભવિષ્યમાં શું નિર્ણય લેશે તે અંગે કોઈ ચોક્કસ અનુમાન લગાવી શકાય નહીં.

બીજી તરફ, શિવસેના (**UBT**)ના નેતા સંજય રાઉતે શરદ પવાર **NDA**માં જોડાય તેવી શક્યતા અંગે અસહમતિ વ્યક્ત કરી છે. રાઉતે જણાવ્યું હતું કે શરદ પવાર સાથે આ મુદ્દે તેમની અનેક વખત ચર્ચા થઈ છે. તેમના મતે, શરદ પવારે આખી રાજકીય કારકિર્દી દરમિયાન નરેન્દ્ર મોદી અને અમિત શાહની રાજકીય વિચારધારાનો વિરોધ કર્યો છે. તેમણે મહાત્મા ફુલે, શાહુ મહારાજ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોને આગળ વધાર્યા છે. સંજય રાઉતે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે શરદ પવાર દેશ અને મહારાષ્ટ્રના હિતને નુકસાન પહોંચાડે તેવી રાજકીય શક્તિઓ સાથે જોડાશે નહીં. તેમણે સુપ્રિયા સુલે અંગે પણ આવી કોઈ રાજકીય દિશામાં આગળ વધવાની શક્યતા નકારી હતી. શરદ પવાર **NDA**માં જોડાશે કે નહીં તે અંગે વિવિધ નેતાઓનાં નિવેદનોથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. એક તરફ રામદાસ અઠાવલે પવારના **NDA** સાથેના સંભવિત જોડાણને લઈને દાવો કરી રહ્યા છે, તો બીજી તરફ સંજય રાઉત આ શક્યતાનો વિરોધ કરી રહ્યા છે. જોકે, શરદ પવાર કે તેમની પાર્ટી તરફથી દ્વૈછમાં જોડાવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેથી હાલ આ સમગ્ર મામલો રાજકીય નિવેદનો અને અટકળો પૂરતો જ મર્યાદિત છે. આગામી સમયમાં શરદ પવારનું વલણ મહારાષ્ટ્રના રાજકારણની દિશા નક્કી કરવામાં મહત્ત્વનું બની શકે છે.

રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત

CBI અને ED તપાસના હાઈકોર્ટના આદેશને રદ કર્યો, નવેસરથી સુનાવણી કરવા નિર્દેશ

સાથે જ સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને પણ આ કેસમાં પક્ષકાર બનાવી તેમનો પક્ષ સાંભળવા જણાવ્યું છે

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કથિત આવક કરતાં વધુ સંપત્તિના મામલે સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં **CBI** અને **ED** દ્વારા તપાસ કરાવવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રદ કરીને સમગ્ર મામલે નવેસરથી વિચારણા કરવા હાઈકોર્ટને નિર્દેશ આપ્યો છે. સાથે જ રાહુલ ગાંધીને પણ આ કેસમાં પક્ષકાર બનાવી તેમનો પક્ષ સાંભળવા જણાવ્યું છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલે સુનાવણી કરતાં સ્પષ્ટ કર્યું હતું કે સંબંધિત તમામ પક્ષોને સાંભળ્યા બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવે. આ નિર્ણયથી રાહુલ ગાંધીને કાનૂની રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે ભાજપના કાર્યકર વિગ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ સમક્ષ અરજી કરી હતી. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધીએ અત્યાર સુધી વિદેશ પ્રવાસ પાછળ અંદાજે રૂ. ૬૦ કરોડનો ખર્ચ કર્યો છે, જે તેમની જાહેર કરેલી આવકની સરખામણીએ વધુ છે. આ મામલે ઝ્રમ્ઁ અને ઈડ્ઢ દ્વારા તપાસ કરવાની માગ કરવામાં આવી હતી.

અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ૧૭ ઓગસ્ટે થયેલી સુનાવણી દરમિયાન તેમના વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે હાઈકોર્ટે એકતરફી રીતે આદેશ આપ્યો હતો. ફરિયાદીનો આ મામલા સાથે સીધો સંબંધ ન હોવા છતાં બંધ ચેમ્બરમાં સુનાવણી કરવામાં આવી હતી. વધુમાં, સીલબંધ કવરમાં રજૂ કરાયેલી માહિતી મીડિયામાં લીક થતી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ, અરજીકર્તા વિગ્નેશ શિશિરે રાહુલ ગાંધીની અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે પ્રાથમિક તપાસના તબક્કે કાયદા હેઠળ પ્રસ્તાવિત આરોપીને સાંભળવાની કોઈ જોગવાઈ નથી. **CBI** તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે એજન્સી હાલમાં પ્રાથમિક તપાસ કરી રહી છે અને તપાસ પૂર્ણ થયા બાદ **FIR** નોંધવા અંગે નિર્ણય લેવામાં આવશે.

આ દરમિયાન જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ સવાલ ઉઠાવ્યો હતો કે જો આરોપો આટલા ગંભીર હતા તો **CBI**એ સ્વયં આગળ આવીને કાર્યવાહી કેમ ન કરી? સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે અલ્હાબાદ હાઈકોર્ટ તમામ સંબંધિત પક્ષોને સાંભળીને આ મામલે નવેસરથી નિર્ણય લેશે. આમ, હાલના તબક્કે રાહુલ ગાંધી સામે **CBI** અને **ED** તપાસ કરાવવાનો હાઈકોર્ટનો અગાઉનો આદેશ અમલમાં રહ્યો નથી.

મૌર્યએ કહ્યું ધારાસભ્ય દળ નક્કી કરશે

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની ચૂંટણી પહેલાં CM ચહેરા પર ચર્ચા

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે મુખ્યમંત્રીનો ચહેરો કોણ છે અને કોણ નથી, તે બધા જાણે છે, કમળનું ફૂલ ભાજપની ઓળખ

લખનૌ, તા.૨૫

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી અગાઉ ભાજપમાં મુખ્યમંત્રી પદના ચહેરાને લઈને રાજકીય ચર્ચા તેજ બની છે. એક ઇન્ટરવ્યૂ દરમિયાન ઝ્રસ ચહેરા અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે મુખ્યમંત્રીનો ચહેરો કોણ છે અને કોણ નથી, તે બધા જાણે છે. તેમણે જણાવ્યું કે કમળનું ફૂલ ભાજપની ઓળખ છે, દરેક વ્યક્તિએ કમળના નિશાન પર ચૂંટણી લડવાની છે અને તેઓ પોતે પણ કમળના ફૂલ પર જ ચૂંટણી લડશે. યોગી આદિત્યનાથના આ નિવેદનને ડેપ્યુટી **CM** કેશવ પ્રસાદ મૌર્યના નિવેદનના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે. અગાઉ મૌર્યએ કહ્યું હતું કે કમળનું ફૂલ જ ભાજપનો મુખ્યમંત્રી ચહેરો છે, જ્યારે બાદમાં સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી કોણ બનશે તેનો નિર્ણય ધારાસભ્ય દળ કરશે; યોગી આદિત્યનાથ પણ મુખ્યમંત્રી બની શકે છે અથવા અન્ય કોઈ નેતા પણ આ જવાબદારી સંભાળી શકે છે.

ઇન્ટરવ્યૂમાં માતાના નિધન બાદ તમામ કાર્ય પૂર્ણ કરીને હરિદ્વારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા પહોંચવા અંગેના સવાલ પર યોગીએ કહ્યું કે આ સંન્યાસી ધર્મ છે. તેમણે પોતાને પાર્ટીના સામાન્ય સિપાહી ગણાવતાં મૂલ્યો અને આદર્શોની રાજનીતિમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો ઉલ્લેખ કર્યો હતો.

ભગવા વસ્ત્રો અંગેની ટીકાઓ પર તેમણે કહ્યું કે તેમને પોતાના દેશ અને ધર્મ પર ગૌરવ છે, કોઈના કહેવાથી તેઓ તે છોડશે નહીં કે વસ્ત્રો બદલશે નહીં. તેમના વસ્ત્રોથી કોઈને ચીડ થતી હોય તો થવા દો, તેમને કોઈની મહેરબાનીની જરૂર નથી અને જાપાન પ્રવાસ દરમિયાન પણ તેઓ આ જ વસ્ત્રોમાં ગયા હતા.

ગૌરક્ષાના મુદ્દે સાધુ-સંતોએ ફૂંક્યું રણશિંગુ

૨૭ નવેમ્બરે અડાલજમાં મહાસંમેલન, એક લાખ ગૌભક્તો ઉમટવાનો અંદાજ

ત્રણ મુખ્ય માંગણીઓ સાથે અભિયાન તેજ; ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ અને કેન્દ્રીય ગૌ મંત્રાલયની સ્થાપનાની ઉઠી માંગ

અમદાવાદ, તા.૨૫

ગૌવંશની સેવા, સુરક્ષા અને સન્માનના મુદ્દે હવે સાધુ-સંતોએ મેદાનમાં ઉતરી સરકાર સમક્ષ પોતાની માંગણીઓ બુલંદ કરી છે. અમદાવાદના ઈસ્કોન મંદિર ખાતે ગૌ સન્માન આહવાન અભિયાન અંતર્ગત યોજાયેલી પત્રકાર પરિષદમાં સંતો-મહાત્માઓએ ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા, ગૌવંશને રાષ્ટ્રીય ધરોહરનો દરજ્જો આપવા અને સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માટે કાયદો બનાવવાની માંગ કરી હતી. આ અભિયાનને આગળ વધારવા આગામી ૨૭ નવેમ્બરે અડાલજ ખાતે ભવ્ય મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં એક લાખથી વધુ ગૌભક્તો જોડાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

ઈસ્કોન મંદિર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં સંતોએ ગૌવંશના સંરક્ષણ માટે ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. જેમાં સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો બનાવવો, ગૌમાતાને રાષ્ટ્રમાતા તરીકે સન્માન આપવું અને ગૌવંશના સંરક્ષણ માટે અલગ કેન્દ્રીય ગૌ મંત્રાલયની સ્થાપના કરવી સામેલ છે.

સંતોના જણાવ્યા મુજબ, ગૌવંશનું રક્ષણ માત્ર પાંજરાપોળના સહારે શક્ય નથી. તેના માટે દેશવ્યાપી નીતિ અને અલગ કાયદાની જરૂરિયાત છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયનું વિશેષ મહત્ત્વ છે ત્યારે વાઘ, સિંહ અને મોરની જેમ ગાયના સંરક્ષણ માટે પણ સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ અભિયાનના ભાગરૂપે ૨૭ નવેમ્બરે અડાલજના પર્વ મેદાન ખાતે મહાસંમેલન યોજાશે. સંતોનો દાવો છે કે આ સંમેલનમાં એક લાખથી વધુ ગૌભક્તો અને ગૌપ્રેમીઓ ભાગ લેશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ આ સંમેલનમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીની ગૌમાતા પોષણ યોજના બદલ તેમનું અભિવાદન કરવાનો કાર્યક્રમ પણ યોજાશે. સંમેલનના અધ્યક્ષ તરીકે નદી બાબાની જવાબદારી હોવાનું જણાવાયું છે. આ અભિયાન કોઈ એક સંસ્થા કે ટ્રસ્ટ દ્વારા નહીં, પરંતુ ગૌભક્તો અને ગૌપ્રેમીઓના સહયોગથી ચલાવવામાં આવી રહ્યું હોવાનું આયોજકોએ જણાવ્યું છે. અભિયાન અંતર્ગત ત્રણ પ્રાર્થના પત્ર તૈયાર કરીને સરકારને સુપરત કરવામાં આવશે. આ ઉપરાંત દેશભરમાંથી ૫૦ કરોડ લોકોના હસ્તાક્ષર એકત્ર કરીને સરકાર સુધી પહોંચાડવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

પત્રકાર પરિષદમાં ગુજરાતને રખડતા ગૌવંશની સમસ્યામાંથી મુક્ત કરવા માટે પણ સરકારને અપીલ કરવામાં આવી હતી. પશુ ગણતરીમાં ગાયનો સમાવેશ કરવા અને પશુપાલકો પાસે ગાયના હકો સુરક્ષિત રહે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી હતી. આ અભિયાનમાં બ્રહ્મચારી મુકુંદ પ્રકાશજી, હરિદ્વારના સ્વામી અમૃતાનંદજી અને સાધુ વિવેક સાગર દાસજી સહિતના સંતો સક્રિય રીતે જોડાયા છે. હવે ૨૭ નવેમ્બરે યોજાનારા મહાસંમેલન પર સૌની નજર રહેશે. આ સંમેલન દ્વારા ગૌસંરક્ષણના મુદ્દે સરકાર સુધી કેટલો વ્યાપક જનઅવાજ પહોંચે છે તે જોવું મહત્ત્વનું રહેશે.

સપા-કોંગ્રેસ વચ્ચે બેઠક વહેંચણીનો વિવાદ વકર્યો

"૧૦૦થી ઓછી બેઠકો નહીં" કોંગ્રેસના અલ્ટીમેટમથી યુપીના રાજકારણમાં ગરમાવો

કોંગ્રેસે ૧૩૦ બેઠકોની યાદી સોંપ્યાની ચર્ચા સામે સમાજવાદી પાર્ટીની ૨૬ બેઠકોની ઓફરથી નારાજગી

લખનઉ, તા.૨૫

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં સમાજવાદી પાર્ટી (**SP**) અને કોંગ્રેસ વચ્ચે બેઠક વહેંચણીને લઈને રાજકીય ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. બંને પક્ષો વચ્ચે ગઠબંધનને લઈને ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે સમાજવાદી પાર્ટીએ પાંચ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દેતાં કોંગ્રેસમાં નારાજગી ફેલાઈ છે. કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેને ૧૦૦થી ઓછી બેઠકો સ્વીકાર્ય નથી. આ ઘટનાથી વિપક્ષી ગઠબંધન વચ્ચે તણાવ વધવાની શક્યતા ઊભી થઈ છે.

બેઠક વહેંચણી અંગે બંને પક્ષો વચ્ચે હજુ ચર્ચા ચાલી રહી હતી તે દરમિયાન જ સમાજવાદી પાર્ટીએ પાંચ બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દીધા હતા. કોંગ્રેસના નેતા રાજેન્દ્ર પાલ ગૌતમે આ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે સપાએ ઉમેદવારો જાહેર કરવામાં ઉતાવળ ન કરવી જોઈતી હતી. તેમણે જણાવ્યું હતું કે બંને પક્ષો વચ્ચે ચર્ચા ચાલી રહી હોય ત્યારે એકતરફી રીતે ઉમેદવારો જાહેર કરવા યોગ્ય નથી. કોંગ્રેસને ગઠબંધનમાં સન્માનજનક બેઠકો મળવી જોઈએ અને ત્રણ આંકડાથી ઓછી બેઠકો સ્વીકાર્ય નથી.

આ વિવાદમાં સહારનપુરના કોંગ્રેસ સાંસદ ઇમરાન મસૂદની નારાજગી પણ મહત્ત્વપૂર્ણ બની છે. બેહટ અને સહારનપુર ગ્રામીણ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસ પોતાની દાવેદારી રજૂ કરી રહી હતી. જોકે, સમાજવાદી પાર્ટીએ આ બેઠકો પર પણ પોતાના ઉમેદવારો જાહેર કરી દેતાં ઇમરાન મસૂદ નારાજ થયા હોવાનું સામે આવ્યું છે. ઇમરાન મસૂદે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ સમાજવાદી પાર્ટી પાસે બેઠકો માટે ભીખ માગી રહ્યા નથી. તેમના આ નિવેદનથી બંને પક્ષો વચ્ચેનો આંતરિક વિવાદ વધુ ચર્ચામાં આવ્યો છે.

બેઠક વહેંચણીની ચર્ચા દરમિયાન કોંગ્રેસે સમાજવાદી પાર્ટીને ૧૩૦ બેઠકોની યાદી સોંપી હોવાની ચર્ચા છે. બીજી તરફ, સપા તરફથી કોંગ્રેસને માત્ર ૨૬ બેઠકો આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આટલી મોટી સંખ્યાના તફાવતને કારણે બંને પક્ષો વચ્ચે સહમતી સધાય તે મુશ્કેલ બની રહ્યું છે. કોંગ્રેસના નેતા રાકેશ રાઠોરે પણ ગઠબંધન અંગે તેમની સાથે યોગ્ય ચર્ચા કરવામાં આવતી ન હોવાની નારાજગી વ્યક્ત કરી છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપ સામે મજબૂત રાજકીય પડકાર ઊભો કરવા માટે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચેનું ગઠબંધન મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પરંતુ ચૂંટણી પહેલાં જ બેઠક વહેંચણીને લઈને બંને પક્ષો વચ્ચે મતભેદો સામે આવતાં રાજકીય સમીકરણો ગરમાયા છે. હવે બંને પક્ષો સન્માનજનક સમજૂતી પર પહોંચે છે કે બેઠક વહેંચણીનો વિવાદ ગઠબંધન માટે મુશ્કેલી ઊભી કરે છે તે જોવું મહત્ત્વપૂર્ણ રહેશે. હાલ કોઈ અંતિમ સમજૂતી જાહેર થઈ નથી.

સોના-ચાંદીના ભાવમાં ઘટાડો

સોનું ૧.૨૭ લાખ અને ચાંદી ૧.૮૪ લાખ પ્રતિ કિલોના સ્તરે

અમદાવાદમાં બુધવારે ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ આશરે રૂ.૧,૨૭,૬૭૦ નોંધાયો હતો

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ સહિત દેશભરના સોના-ચાંદીના બજારમાં આજે ભાવમાં ઘટાડાની અસર જોવા મળી હતી. લગ્નસરાની સિઝન અને તહેવારોની ખરીદી વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં થતી વધઘટને કારણે ગ્રાહકો અને વેપારીઓ બંનેની નજર બુલિયન બજાર પર ટકેલી છે. ખાસ કરીને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થતાં ખરીદદારોને થોડી રાહત મળી છે. અમદાવાદમાં આજે ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ આશરે રૂ.૧,૨૭,૬૭૦ નોંધાયો હતો, જ્યારે ૨૨ કેરેટ સોનાનો ભાવ પ્

ઉનામાં BAPS સ્વામીનારાયણ સંસ્થાનાં ૧૨૫ જેટલા સંતોનું પાવન આગમન, ભક્તિ અને સત્સંગથી સમગ્ર પંથક બન્યો ભક્તિમય








તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉનામાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ઉનાનાં ભાવનગર રોડ પર આવેલા નિર્માણાધીન બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિરે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાનાં ૧૨૫ જેટલા સંતો પધારતાં હરિભકતો દ્વારા ભાવભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સંતોનાં એકસાથે પાવન આગમનને વધાવવા ઉના શહેર સહિત સમગ્ર પંથકમાં ઉત્સાહ અને ભકિતનો માહોલ છવાયો હતો. સંતોનાં આગમન પ્રસંગે મંદિર ખાતે વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતોનું સ્વાગત, સભા, સત્સંગ અને કીર્તન આરાધનાં સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ઉના શહેર, ગીર ગઢડા તાલુકા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હરિભકતો સંતોનાં દર્શન અને આશીર્વાદ મેળવવા ઉમટી પડયા હતા. ઉના ખાતે પધારેલા સંતોએ આસપાસના વિસ્તારોમાં આવેલા વિવિધ ધાર્મિક અને પવિત્ર તીર્થધામોની પણ મુલાકાત લીધી હતી. જેમાં સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ તુલસીશ્યામ સહિતનાં ધાર્મિક સ્થળોએ સંતોએ દર્શન કર્યા હતા. સંતોનાં આ તીર્થદર્શનથી સ્થાનિક ધાર્મિક સ્થળોમાં પણ વિશેષ આધ્યાત્મિક માહોલ જોવા મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું વિશેષ આકર્ષણ રાત્રિનાં સમયે યોજાયેલી કીર્તન આરાધનાં રહી હતી. પૂજય આત્મતૃપ્ત સ્વામીનાં મધુર કંઠે ભકિત ભાવસભર કીર્તનોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. સ્વામીનાં મધુર સ્વર અને ભકિતમય કીર્તનોથી ઉપસ્થિત હરિભકતો ભકિતરસમાં તરબોળ થયા હતા. કીર્તન આરાધના દરમિયાન સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું અને હરિભકતોએ ભાવપૂર્વક કીર્તનોનો લાભ લીધો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં ઉના, ગીર ગઢડા તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી વડીલો, યુવાનો, બાળ કો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પરિવાર સાથે આવેલા હરિભકતોએ સંતોનાં દર્શન, સત્સંગ અને આશીર્વાદનો લાભ લીધો હતો. કાર્યક્રમનાં અંતે ઉપસ્થિત તમામ હરિભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ઉનાનાં ભાવનગર રોડ પર નિર્માણ પામી રહેલા બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિરની આગામી સમયમાં ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન થવાનું છે. આ મંદિરનાં નિર્માણ કાર્યને લઈને સ્થાનિક હરિભકતોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી સમયમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે ત્યારે ઉના શહેર તેમજ ગીર ગઢડા તાલુકા સહિત આસપાસના વિસ્તારોનાં હરિભકતો માટે આ ધાર્મિક પ્રસંગ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. મંદિરનાં નિર્માણથી ઉનામાં ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓને નવી દિશા મળ શે તેમજ હરિભકતોને નિયમિત સત્સંગ અને દર્શનનો વધુ એક સુંદર અવસર પ્રાપ્ત થશે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાનાં ૧૨૫ જેટલા સંતોનાં પાવન સાનિધ્યમાં યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમથી ઉના અને ગીર ગઢડા પંથકમાં ભકિત, સત્સંગ અને આધ્યાત્મિકતાની અનોખી છટા જોવા મળી હતી. સંતોનાં પાવન આગમન, તીર્થધામોનાં દર્શન અને પૂજય આત્મતૃપ્ત સ્વામીની કીર્તન આરાધનાએ સમગ્ર પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. હવે આગામી સમયમાં યોજાનારી મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠાને લઈને પણ હરિભકતોમાં અત્યારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું

૬ આરોપીની અટકાયત

કુલ કિંમત રૂપિયા ૨૧૦ની લુંટ કરી આરોપીઓ નાશી ગયેલ હતા. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધી તપાસ કરતાં તપાસ દરમિયાન સ્ટોર વિભાગ મારફતે ખરાઈ થઈ આવતાં કોપર કેબલ વાયર ૩૦૫ મીટર, કિંમત રૂપિયા ૧,૨૭,૮૫૬નાં મુદ્દામાલ ધાડનાં ગુનામાં ગયેલ હોવાનું જણાઈ આવેલ હતું.

જે અન્વયે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ.વી.કે. રાઠોડની રાહબરી હેઠળ હેડ કોન્સ. અનકભાઈ ભુકણ તથા કોન્સ. અશોકભાઈ સાગઠીયાએ ખાનગી બાતમીદારો મારફતે ચોકકસ બાતમી તથા ટેકનીકલ એનાલીસીસ દ્વારા ઉપરોકત ગુન્હાને અંજામ આપી ધાડ પાડી, નાસી ગયેલ રાજુલા તાલુકાનાં રામપરા–૨ ગામે રહેતા આરોપી અમરૂભાઈ દુલાભાઈ લાખણોત્રા, જાફરબાદ તાલુકાનાં લોઠપુર ગામે રહેતા નિઝામ રસુલભાઈ ઉન્નડ, હનીફભાઈ જુમાભાઈ દલ, કોવાયા ગામે રહેતા દુલાભાઈ કથડભાઈ લાખણોત્રા, રાજુલા તાલુકાનાં બારપટોળી ગામે રહેતા નિઝામ હબીબભાઈ પરમાર તથા મજીદભાઈ ઉર્ફે કાળુ નનુભાઈ કુરેશી નામના આરોપીઓને ગુન્હામાં ગયેલ ટોર્ચ, વ્હીસલ તથા ગુન્હો કરવામાં ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ ફોન નંગ–૬, કિંમત રૂપિયા ૭૮,૫૦૦, મોટર સાયકલ નંગ–૨, કિંમત રૂપિયા ૪૫,૦૦૦, ફોરવ્હીલ નંબર જી.જે.–૦૧–કેયુ ૮૬૨૮, કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦, ટ્રેકટર નંબર જી.જે.–૧૪ એપી–૧૪૮૩, ટ્રોલી સાથે કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦, કેબલ કટર, કિંમત રૂપિયા ૧૦૦૦ તથા બુકાની, ચાદર, માસ્ક, ટોર્ચ તથા વ્હીલસ તથા છરી મળી કુલ રૂપિયા ૧૧,૨૪,૮૧૦નાં મુદ્દામાલ સાથે પકડી પાડી, ધાડ જેવા ગંભીર પ્રકારનાં અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી, તથા રાજુલા ગામે રહેતા ગુલમહમદભાઈ ઉર્ફે ગુલો દીનુભાઈ દલ, રીયાજ યુસુફભાઈ જીરૂકા, તનવીર હુસેનભાઈ તથા અન્ય બે અજાણ્યા માણસોની શોધખોળ આદરી છે.

અનમોલ અમરેલી

અમરેલી, તા. ૨૫

અલબેલી નગરી મારી અનમોલી
અમરેલી દુનિયાદારીથી અનોખી
મારી રુડી અમરેલી...
ભાવથી ભરેલી પ્રાણથી પ્યારી
સંસ્કારથી સીંચેલી જીગરના ટુકડા
જેવી કલેજાના કટકા જેવી
અમરેલી...
સુખ દુઃખની સાથી વળી સભા
સ્નેહથી ભરેલી હેતની હવેલી જેવી
મારી અનમોલ અમરેલી...
અમરેલી મધ્યે નાગનાથ દાદા
બિરાજે શિવ સુખાકારી દર્શન કરતા
દર્દ હરતા એવા સૌના હિતકારી...



રચઈતા
દહુભાઈ બી. વાળા
મો. નં. ૯૯૨૪૩ ૯૫૪૫૯
અમરેલી.

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૧	૧૯૧૮
૨	તલ	૩૨૦૦	૩૨૦૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૨૫	૧૮૮૦
૨	મગફળી	૧૨૦૦	૧૪૪૮
૩	તલ સફેદ	૩૧૭૦	૩૧૭૦
૪	સોયાબીન	૧૪૯૧	૧૫૨૧
૫	અડદ	૧૭૫૧	૧૭૫૧
૬	ચોળા	૭૦૧	૭૦૧

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૬૪૧
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૭૩૧
૩	તલ સફેદ	૩૩૦૦	૩૪૩૩
૪	તલ કાળા	૩૪૫૦	૪૦૪૦
૫	જીરૂ	૪૫૦૦	૪૮૦૦
૬	કપાસ	૧૮૫૦	૧૯૧૦
૭	ઘઉં લોકવન	૫૪૦	૬૧૬
૮	ઘઉં ટુકડા	૫૭૦	૬૪૩
૯	બાજરો	૫૦૦	૬૪૯
૧૦	જુવાર	૧૫૦૦	૧૬૬૦
૧૧	મકાઈ	૬૫૧	–
૧૨	અડદ	૧૭૫૦	૧૯૦૪
૧૩	ચણા	૧૩૫૦	૧૫૧૧
૧૪	તુવેર	૧૪૦૦	૧૭૫૦
૧૫	ધાણા	૨૮૦૦	૩૧૩૬
૧૬	સોયાબીન	૧૩૫૦	૧૫૩૦

પાના ૮ ઉપરનું ચાલું

પિપાવાવ કંપનીના સ્ક્રેપના ટેન્ડરનાં

કાવતરૂ રચ્યું હતું.

આ કાવતરાના ભાગરૂપે આરોપી અજયભાઈ ચૌહાણે ભોગ બનાનાર આઘેડ કરીમભાઈની આરોપી રવીભાઈ જેઠવા અને ઈરફાન ઉર્ફે ભુરો મંસુરી સાથે મુલાકાત કરાવી હતી. આ દરમિયાન ઈરફાન મંસુરી પિપાવાવ કંપનીમાં નોકરી કરતો ન હોવા છતાં પોતે કંપનીમાં નોકરી કરે છે. અને કંપનીના શર્મા તરીકે ખોટી ઓળખ આપી હતી. ત્યારબાદ પીપાવાવ કંપનીનો સ્કેપ થયેલો ભંગાર ટેન્ડર મારફતે આપવાનો હોવાનું જણાવી વિશ્વાસમાં લીધા હતા.

ભંગારના ટેન્ડર માટે એડવાન્સ પેટે ત્રણેય શખ્સોએ કરીમભાઈ પાસેથી રૂપિયા ૬,૧૦,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. જો કે, નક્કી થયા મુજબ ભંગાર નહીં આપી આ આઘેડ સાથે છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં. આરોપી ઈરફાન મંસુરીએ જામીનગીરી તરીકે અન્ય કોઈ વ્યક્તિના નામનો ખોટી સહીવાળો બનાવટી ચેક પણ કરીમભાઈને આપ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આમ, કંપનીના સ્કેપના ટેન્ડરના નામે રૂપિયા ૬.૧૦ લાખની છેતરપિંડી થતાં ભંગારના વેપારી કરીમભાઈએ ત્રણેય શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૬૧૦	૧૯૦૦
૨	મગફળી	૧૨૨૫	૧૫૦૫
૩	ઘઉં	૫૨૬	૬૨૫
૪	ચણા	૧૩૪૦	૧૪૬૦
૫	તુવેર	૧૭૦૫	૧૭૦૫
૬	ધાણા	૨૭૦૦	૨૭૦૦
૭	તલ કાળા	૩૨૦૧	૩૨૦૧
૮	કલોંજી	૪૩૦૦	૪૩૦૦
૯	સોયાબીન	૧૪૬૨	૧૪૬૨

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૧૦	૧૯૩૨
૨	ઘઉં ટુકડા	૫૧૧	૬૦૫
૩	ઘઉં ટુકડા	૬૧૧	૬૩૫
૪	મગફળી	૧૧૦૦	૧૩૯૫
૫	ચણા	૧૩૫૦	૧૪૮૦
૬	સોયાબીન	૧૨૨૫	૧૫૭૦
૭	જુવાર	૧૩૨૧	૧૩૨૧
૮	મગ	૧૧૬૦	૧૨૫૦
૯	ચણા સફેદ	૧૫૫૦	૧૫૫૦
૧૦	ધાણા	૨૫૦૦	૨૬૦૦
૧૧	લસણ	૧૨૦૦	૨૨૫૦
૧૨	અડદ	૧૬૫૦	૧૮૭૫
૧૩	તલ કાળા	૩૪૫૦	૪૦૪૦
૧૪	તલ સફેદ	૩૧૩૫	૩૨૪૦
૧૫	શીંગદાણા	૧૪૫૦	૧૪૫૦
૧૬	છોલે ચણા	૧૩૬૦	૧૮૫૧

પાના ૮ ઉપરનું ચાલું

૭૦ હજારની ઓનલાઇન કરી છેતરપીંડી

થયાના ખોટા ટેકસ્ટ મેસેજ મોકલી વિશ્વાસમાં લીધા હતા. અને અન્ય મોબાઈલ નંબર અને સ્કેનર મોકલી યુવક પાસેથી કુલ રૂપિયા ૭૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આરોપીએ નાણાં મેળવી લીધા બાદ આ ઠગબાજે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો.

યુવકને નાણાં પરત ન મળતાં પોતાની સાથે ઓનલાઈન સાયબર છેતરપિંડી થઈ હોવાનું જણાવી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દિવાળી વેકેશન ખૂલતા – KG થી PG પ્રવેશ ચાલુ
★ KG થી ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – ગુજરાતી મિડીયમ
★ KG થી ધો. ૧૨ કોમર્સ સાયંસ ઈંગ્લીશ મિડીયમ ICSE - GSEB – બોર્ડ
★ BA - MA સાયકો – સોસીયો – Eng. • B.Com. - M.Com. બન્ને મિડીયમ
• B.Sc. - M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી • BBA - MBA
★ BCA - MCA • B.Pharm. - M.Pharm. • B.Ed. - DMLT
★ PTC બન્ને મિડીયમ • જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ • ધો. ૬ થી PG ગર્લ્સ હોસ્ટેલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
-Ad159

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૪૦	૧૯૭૧
૨	કપાસ મીડીયમ	૧૭૧૦	૧૮૨૧
૩	મગફળી	૧૪૩૦	૧૫૪૦
૪	તલ સફેદ	૩૦૫૦	૩૨૭૫
૫	તલ કાળા	૩૪૭૦	૩૮૧૦
૬	જીરૂ	૪૬૧૦	૪૯૪૦
૭	ચણા	૧૪૩૦	૧૪૯૦
૮	ઘઉં	૬૧૧	૬૭૧
૯	અડદ	૧૮૨૦	૧૮૪૦
૧૦	સોયાબીન	૧૫૦૫	૧૫૩૫

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૨૦૦	૧૫૨૭
૨	તલ સફેદ	૨૦૦૦	૩૩૦૦
૩	તલ કાળા	૩૨૦૦	૩૯૦૧
૪	કપાસ	૧૭૨૫	૧૮૯૩
૫	બાજરો	૪૭૧	૫૩૦
૬	ઘઉં ટુકડા	૫૫૦	૭૦૦
૭	જુવાર	૮૦૦	૧૮૦૧
૮	મગ	૧૫૫૦	૩૩૦૦
૯	અડદ	૧૮૦૧	૧૮૦૧
૧૦	ચણા	૧૧૫૦	૧૫૦૧
૧૧	સોયાબીન	૧૫૦૧	૧૫૫૪
૧૨	ધાણા	૩૦૦૨	૩૦૦૨

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૨૦૦	૧૫૬૫
૨	ગીરનાર શીંગ	૧૦૫૦	૧૫૫૫
૩	શિંગ મોટી	૧૧૩૫	૧૬૬૫
૪	શિંગ દાણા	૧૫૦૦	૨૦૪૫
૫	તલ સફેદ	૨૬૨૦	૩૮૩૦
૬	તલ કાળા	૨૫૦૦	૪૧૦૫
૭	તલ કાશ્મીરી	૨૮૭૦	૩૧૯૦
૮	બાજરો	૫૦૦	૬૨૦
૯	જુવાર	૧૫૮૦	૧૬૦૦
૧૦	ઘઉં ટુકડા	૫૩૦	૭૪૫
૧૧	ઘઉં લોકવન	૫૭૫	૬૪૦
૧૨	અડદ	૧૫૦૫	૧૭૫૦
૧૩	ચણા	૧૨૦૦	૧૫૪૦
૧૪	સફેદ ચણા	૧૩૦૦	૧૪૩૫
૧૫	છોલે દેશી	૧૬૫૦	૧૬૫૦
૧૬	વટાણા	૩૫૦	૩૫૦
૧૭	તુવેર	૧૦૦૦	૧૮૨૦
૧૮	કપાસ	૧૨૪૦	૧૯૩૦
૧૯	એરંડા	૧૨૬૦	૧૫૩૦
૨૦	જીરૂ	૩૦૦૦	૫૦૪૦
૨૧	ધાણી	૨૫૦૦	૩૧૦૦
૨૨	અજમા	૧૪૦૦	૩૧૫૦
૨૩	મેથી	૧૩૦૦	૧૪૦૦
૨૪	સોયાબીન	૧૦૦૦	૧૫૭૦
૨૫	મરચા લાંબા	૨૭૫૦	૫૪૪૦
૨૬	કળથી	૬૧૫	૬૧૫

પરિવારના વડીલ વૃધ્ધાનુ નિધન થતાં તેનુ દેહદાન કર્યુ

અમરેલીનાં જાળીયાના સોલંકી પરિવારે સમાજને દેહદાનનો નવો રાહ ચિંધ્યો

રાજયમંત્રી કૌશિક વેકરિયા દ્વારા આવકાર



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના જાળીયા ગામના વતની અને તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિ ચેરમેન સંદીપભાઈ સોલંકીના પરિવાર દ્વારા દેહદાન (બોડી ડોનેટ) કરીને સમાજમાં એક ઉમદા અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂ પાડવામાં આવ્યું છે. વિગત મુજબ, અગાઉ તા. ૦૮/૦૧/૨૦૨૫ ના રોજ રાણીબેન ચકાભાઈ સોલંકીનું ૭૬ વર્ષની વયે કુદરતી અવસાન થયું હતું. તે સમયે પરિવારજનોએ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવીને તા. ૦૯/૦૧/૨૦૨૫ ના દિવસે અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજમાં તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે તેમના દેહનું દાન કર્યું હતું.

યોગાનુયોગ, આ ઘટનાના ૧૧ માસ બાદ તા. ૨૪/૧૧/૨૦૨૬ ના રોજ તેમના પતિ ચકાભાઈ માણસુરભાઈ સોલંકીનું પણ ૮૨ વર્ષની ઉંમરે કુદરતી અવસાન થયું હતું. દુઃખની આ ઘડીમાં પણ સોલંકી પરિવારે ફરી એકવાર અમરેલી શાંતાબા મેડિકલ કોલેજને તેમનું પણ દેહદાન કરવાનો નિર્ણય લીધો હતો. આમ, માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં વૃદ્ધ દંપતીના અવસાન બાદ બંનેનું દેહદાન કરીને સોલંકી પરિવારે સમાજને એક નવો અને પ્રેરક રાહ ચિંધ્યો છે.

કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ આધુનિક સમાજને નવો રાહ ચીંધતી સોલંકી પરિવાર દ્વારા દેહદાનની આ ઉમદા પહેલને બિરદાવી હતી અને તે માટે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

ભારતીય સંસ્કૃતિમાં 'દાન'નો વિશેષ મહિમા છે, પરંતુ તેમાં પણ દેહદાનને સર્વશ્રેષ્ઠ મહાદાન ગણવામાં આવે છે. મૃત્યુ બાદ નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ જતો હોય છે, પરંતુ જો તેનું દાન કરવામાં આવે તો તે તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ અને સંશોધન માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. આજના યુગમાં જયારે કુશળ તબીબોની તાતી જરૂરિયાત છે, ત્યારે દેહદાન થકી ભાવિ ડોકટરોને માનવ શરીરની રચના સમજવામાં અને નવી સારવાર પદ્ધતિઓ વિકસાવવામાં મોટી મદદ મળે છે. આમ, દેહદાન કરનાર વ્યકિ મૃત્યુ બાદ પણ માનવજાતના કલ્યાણ માટે અમર બની જાય છે અને સમાજમાં પ્રેરણાનું ઝરણું વહેતું મૂકે છે.

સા.કુંડલાના પત્રકારની પૌત્રી ધાર્વીનો આજે જન્મદિવસ



સા.કુંડલા, તા.૨૫

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બીપીનભાઈ પાંધી (પાંધી સર)ના પૌત્રી તથા યુવા પત્રકાર પ્રિયંક પાંધી અને રશ્મિતાબેન પાંધીની લાડકવાઈ દીકરી ધાર્વીનો આજે ચોથો જન્મદિવસ છે. માતા – પિતાની આંખોનો તારો અને દાદા – દાદીની લાડકવાઈ ધાર્વી સમગ્ર પરિવારના હાસ્ય અને ખુશીઓનું સરનામું બની રહી છે.

ધાર્વીના આ પાવન અને ખુશીભર્યા અવસરે ઈશ્વર તેને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્યના આશીર્વાદ આપે તથા તેનું જીવન હંમેશાં પ્રેમ અને ખુશીઓથી મહેકતું રહે તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. ધાર્વિબેનના ચોથા જન્મદિવસ નિમિત્તે પરિવારના સભ્યોએ હર્ષોલ્લાસ સાથે શુભેચ્છાઓ પાઠવી છે દાદીમા : ચંદ્રિકાબેન. ફઈ અને ફુવા : ડિમ્પલ ક્રિયા અને જતીન ફુવા, દીદી અને ભૈયા : જૈનીદીદી અને જિયાંશભૈયા, નાના અને નાની : પ્રવિણભાઈ અને ગીતાબેન મામા અને મામી : મયૂર મામા, કેવાંશી મામી, વિશાલ મામા અને ભૂમિમામી સહિત સમગ્ર પરિવાર અને સ્નેહીજનો તરફથી લાડકવાઈ ધાર્વીને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

આકસ્મિક રીતે બનાવ બન્યો

ઉના : દેલવાડા રોડ ઉપર રહેણાંક મકાનમાં ભીષણ આગ લાગતા અફરાતફરી

ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

ઉના, તા. ૨૫

ઉના શહેરમાં આગની એક ઘટના સામે આવી છે. ઉના–દેલવાડા રોડ ઉપર આવેલા ચાર થાંભલા નજીક એક રહેણાંક મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ દેલવાડા રોડ ઉપર આવેલ ચાર થાંભલા નજીક રહેણાંક મકાનમાં આગ લાગ્યા બાદ જોતજોતમાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની જવાળાઓને કારણે મકાનમાં રહેલી ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી, જેના પગલે મકાનમાં ભારે નુકસાન થયું હતું.

ઘટનાની જાણ ઉના નગરપાલિકાનાં ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગનાં જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

મકાનમાં આગ લાગવાની ઘટનાને પગલે આસપાસના રહીશોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી અને આગ લાગવાનું કારણ અકબંધ રહ્યું છે.

ઉના શહેરનાં રહેણાંક વિસ્તારમાં બનેલી આ ઘટનાએ સ્થાનિકોમાં ચિંતા જગાવી છે. ઘટનામાં મકાનની ઘરવખરીને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

સા.કુંડલા : કવિ રમેશ પારેખની જન્મજયંતીની ભાવસર ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં મૂર્ધન્ય કવિ રમેશ પારેખની જન્મજયંતિની ભાવસભર ઉજવણી

નૂતન કેળવણી મંડળ, સાવરકુંડલા સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલ ખાતે અમરેલી જિલ્લાના મૂર્ધન્ય કવિ સ્વર્ગસ્થ રમેશ પારેખની ૨૭ નવેમ્બર જન્મજયંતિના ઉપક્રમે ભાવસભર શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ગાયક વિજયભાઈ મહેતાના મધુર સ્વાગત ગીતથી થઈ હતી. શાળાના ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટે ઉપસ્થિત મહેમાનો તથા શ્રોતાઓનું આવકાર વક્તવ્ય દ્વારા સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયાના હસ્તે મુખ્ય વક્તાનું શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે અમરેલીની અજમેરા હાઈસ્કૂલના રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા કવિ અને લેખક કેતનભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રમેશ પારેખની કવિતાઓનો રસાસ્વાદ કરાવવાની સાથે તેમના બાળગીતો અને સમગ્ર જીવનકવન પર મનનીય વક્તવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે જે.ટી.ખડદીયા, અલ્પાબેન રાવળ તેમજ અમરેલી જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા ભીખેશભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ શ્રોતાઓએ રમેશ પારેખની વિવિધ કાવ્યરચનાઓનો પાઠ કરીને કવિવરને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

૨૬ નવેમ્બર, "રાષ્ટ્રીય બંધારણ દિવસ"



અમરેલી, તા. ૨૫

દર વર્ષે ૨૬ નવેમ્બરે, 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' ઉજવવામાં આવે છે તે પાછળનું કારણ એમ છે કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં રોજ ભારતનું બંધારણ ખરડા સમિતિમાં પસાર કરવામાં આવ્યુ હતું તેથી આ દિવસને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. ભારતીય બંધારણનો ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને સંઘને સુરક્ષિત રાખવા માટે દેશને સ્વતંત્ર સામ્યવાદી, બિનસાંપ્રદાયિક સ્વાયત્ત અને પ્રજાસત્તાક ભારતીય નાગરિક તરીકે રચવા માટે અપનાવવામાં આવ્યો હતો. દુનિયાનું સૌથી મોટુ બંધારણ ભારતનું છે.તે કોઈ પ્રિન્ટ કે ટાઇપ રાઇટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યુ હતુ. તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ થયા હતાં અને ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. જવાહરલાલ નહેરૂ, ડો. ભીમરાવ આંબેડર, ડો. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મેલાના અબુલ કલામ આઝાદ આ સભાના પ્રમુખ સભ્યો હતા. બંધારણ વિશ્વનું સૌથી લાંબું લખાયેલું સંવિધાન છે. બંધારણ લખનારી સમિતીએ તેને હિંદી, અંગ્રેજીમાં હાથથી લખીને કેલિગ્રાફ કર્યું હતું.

તેમાં કોઈ ટાઈપિંગ કે પ્રિંટિંગ સામેલ ન હતી. આઝાદી મળ્યા પછી એક બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. બંધારણસભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી એ બંધારણ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા ત્યારબાદ ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ડ્રાફ્ટિંગ કમિટીની રચના થઈ જેનું નેતૃત્વ ડો. ભીમરાવ આંબેડકર દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણના મુસદ્દાનો સ્વીકાર થયો અને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ૨૮૪ સભ્યોએ તેમાં હસ્તાક્ષર કર્યા અને અંતે ૨૬ જાન્યુઆરીએ દેશમાં બંધારણ લાગુ કરવામાં આવ્યું. ભારતનું બંધારણ લિખિત અને વિસ્તૃત છે. તેમાં વિવિધ કાયદાઓ અને અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ન્યાયપાલિકાની સ્વતંત્રતા, યાત્રા, રહેણીકરણી, ભાષણ, ધર્મ, શિક્ષા વગેરેની સ્વતંત્રતા, એક જ રાષ્ટ્રીયતા, રાષ્ટ્રીય સ્તરે જાતિ વ્યવસ્થાની રચના, સમાન નાગરિક સંહિતા અને અધિકૃત ભાષાઓ, કેન્દ્ર ગણરાજય સમાન છે, બુદ્ધ અને બૌદ્ધ અનુષ્ઠાનનો પ્રભાવ, મહિલાઓનાં મતદાન અધિકારને લગતી ઘણી બાબતો દર્શાવાઈ છે. ભારતનાં બંધારણની આટલી સક્ષમતા જોઈને વિભિન્ના દેશોએ ભારતીય સંવિધાનને અપનાવ્યું છે.

મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

SBR અને બોડકદેવ તરફની સીધી અવરજવર બંધ થશે

SG હાઈવે પર પકવાન ચાર રસ્તા બનશે સિગ્નલ ફ્રી, ટ્રાફિકમાં મળશે મોટી રાહત

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના સૌથી વ્યસ્ત માર્ગોમાંના એક SG હાઈવે પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે પકવાન ચાર રસ્તાને સિગ્નલ ફ્રી બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નવા ટ્રાફિક પ્લાન હેઠળ પકવાન ચાર રસ્તા SG હાઈવે પર સિગ્નલ ફ્રી બનનાર ચોથું જંકશન બનશે. આ નિર્ણયથી પીક અવર્સ દરમિયાન સર્જાતી લાંબી વાહનોની કતારોમાંથી વાહનચાલકોને રાહત મળવાની શક્યતા છે. નવા ટ્રાફિક પ્લાન મુજબ પકવાન ચાર રસ્તા પર બંને તરફથી થતી સીધી અવરજવર બંધ કરવામાં આવશે. ખાસ કરીને સિંધુ ભવન રોડ અને બોડકદેવ તરફ જતા વાહનો માટે હાલની સીધી ક્રોસિંગ વ્યવસ્થા બદલવામાં આવશે. તેના બદલે વાહનચાલકો માટે ફ્રી-લેફ્ટ અને ફ્લાયઓવર U-ટર્નની વ્યવસ્થા કરવામાં આવશે.

પકવાન ફ્લાયઓવરની નજીક ફ્લાયઓવર કટ બનાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ વ્યવસ્થાનો હેતુ મુખ્ય જંકશન પર વાહનોની સીધી ક્રોસિંગ ઘટાડીને ટ્રાફિકનો પ્રવાહ સતત જાળવી રાખવાનો છે.પકવાન ચાર રસ્તા પરથી દરરોજ અંદાજે ૭૫ હજારથી ૧ લાખ જેટલા વાહનો પસાર થાય છે. હાલમાં ટ્રાફિક સિગ્નલ પર વાહનચાલકોને ૧૫૩ સેકન્ડ સુધી રાહ જોવી પડતી હોવાના કારણે પીક અવર્સ દરમિયાન ટ્રાફિકનું ભારણ વધી જાય છે.સિગ્નલ ફ્રી વ્યવસ્થા અને ફ્લાયઓવર U-ટર્ન શરૂ થયા બાદ વાહનચાલકોનો અંદાજે ૯ મિનિટ જેટલો સમય બચી શકે છે. સાથે જ SG હાઈવે પર ટ્રાફિકની ગતિ જાળવવામાં અને જંકશન પર થતી ભીડ ઘટાડવામાં મદદ મળી શકે છે.

પકવાન ચાર રસ્તાને સિગ્નલ ફ્રી બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ SG હાઈવે પર ટ્રાફિક મેનેજમેન્ટ વધુ સુવ્યવસ્થિત બનવાની અપેક્ષા છે. ખાસ કરીને ઓફિસ અવર્સ અને સાંજના પીક ટ્રાફિક દરમિયાન આ નવી વ્યવસ્થા વાહનચાલકો માટે મહત્વપૂર્ણ રાહત સાબિત થઈ શકે છે.

પ્રભાતફેરી, સત્યનારાયણ કથા, સત્સંગ અને ભંડારાનાં આયોજન સાથે

અમરેલીમાં ગુરૂનાનક જયંતીની ભકિતભાવપૂર્વક ઉજવણી, શોભાયાત્રામાં ઉમટયો સિંધિ સમાજ

ધંધા–રોજગાર બંધ રાખી વેપારીઓ પણ ઉજવણીમાં જોડાયા



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં સિંધિ સમાજ દ્વારા શીખ ધર્મનાં સ્થાપક ગુરૂનાનક દેવજીની જન્મજયંતીની ભકિતભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી ઉત્તર સિંધિ પંચાયતનાં આયોજન હેઠળ અમરધામ મંદિર ખાતે દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સિંધિ સમાજના ભાઈ–બહેનો મોટી સંખ્યામાં જોડાઈ ધર્મલાભ લીધો હતો.

ગઈકાલે ગુરૂનાનક દેવજીની જન્મ જયંતીની ઉજવણીનાં પ્રારંભે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વહેલી સવારે પાંચ વાગ્યે ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભાતફેરી અમરધામ મંદિરેથી પ્રસ્થાન કરી શહેરનાં વિવિધ વિસ્તારોમાં ફરી અમરધામ મંદિર ખાતે પરત ફરી હતી. ત્યારબાદ સત્ય નારાયણ ભગવાનની કથા અને હરિરસનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુરૂનાનક જયંતીની ઉજવણીમાં સહભાગી થવા બપોરે બે વાગ્યે સમાજનાં વેપારીઓએ પોતાના ધંધા–રોજગાર બંધ રાખી ઉજવણીમાં જોડાઈ એકતાનો સંદેશ આપ્યો હતો. સાંજે ચાર વાગ્યે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા શહેરનાં વિવિધ માર્ગો પર ફરી અમરધામ મંદિર ખાતે પરત ફરી હતી. ત્યારબાદ ભોગસાહેબ,સત્સંગ અને સમૂહ ભોજન (ભંડારા)નું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજુલા ખાતે અન્નકૂટ મહોત્સવ અને બ્રહ્મસંબંધનો કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા.૨૫

રાજુલા શહેરમાં ગોવર્ધનનાથજીની હવેલીમાં કારતક સુદ પૂનમના દિવસે અન્નકૂટ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

પૂ.પા.ગો.૧૦૮ પુરૂષોત્તમ લાલજી મહારાજની ઉપસ્થિતિમાં અન્નકૂટ દર્શન અને બ્રહ્મસંબંધનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શહેર તેમજ આજુ બાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડયા હતા. સૌએ બ્રહ્મસંબંધ લઈને અન્નકૂટના દર્શનનો લાભ લીધો હતો.

હવેલીમાં અન્નકૂટના દર્શન માટે સુંદર શણગાર કરવામાં આવ્યો હતો. વૈષ્ણવો માટે પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. 'વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે' આ ભાવના સાથે સૌ ભક્તોએ દર્શન કર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા હવેલીના સંચાલકો રસિકભાઈ પારેખ, ભાવેશભાઈ ઠક્કર, વિનુભાઈ સોની, ભૂપતભાઈ સોની, ભીખુભાઈ ઠક્કર સહિતના વૈષ્ણવોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આગામી ૧૧થી ૧૩ ફેબ્રુઆરીએ

રાજકોટ ખાતે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આંત્તરરાષ્ટ્રીય વેપાર મેળો યોજાશે

૩૦ દેશોમાંથી ૨૦૦ ડેલિગેટ્સ આવવાની સંભાવનાં

અમરેલી, તા. ૨૫

આગામી તારીખ ૧૧થી ૧૩ ફેબ્રુઆરીનાં રોજ સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા ત્રિદિવસીય વેપાર મેળાનો શુભ આરંભ થશે જેમાં ૧૦ હજારથી વધુ સ્થાનિક મુલાકાતીઓ ભાગ લેશે. સ્થળ : રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ, સમય સવારે ૧૦થી સાંજે ૮ સુધીનો રહેશે. પ્રવેશ વિનામૂલ્યે રાખવામાં આવેલ છે. આ મેળામાં ૧૦૦થી વધુ ઉત્પાદકો અને નિકાસકારો ભાગ લેશે, સ્ટાર્ટઅપ્સ અને મહિલા ઉદ્યોગને પણ સ્ટોલ્સ ફાળવવામાં આવેલ છે.

યુગાન્ડાનાં કોમર્સ મિનિસ્ટર સંજય તન્ના અને ઝિમ્બાબ્વે કોમર્સ મિનિસ્ટર આર.કે. મોદી જેઓ ગુજરાતી છે તેઓ પણ આવવાની સંભાવનાં છે.

સરકારની નવી ઔદ્યોગિક નીતિ અનુસાર ઉત્પાદકોને ૧થી ૨ લાખ સુધીની એમડીએ સ્કીમ હેઠળ સબસીડી મળવા પાત્ર છે.

દર વર્ષની માફક આ વર્ષે પણ લગભગ ૨૦૦ જેટલા વિદેશી બિઝનેસમેન અને વુમન ભાગ લેશે.

આ એક્ઝિબિશનમાં એગ્રીકચર ઈકિવપમેન્ટ ઈમ્પ્લિમેન્ટસ, સબમર્સીબલ પમ્પ્સ અને ફુડ પ્રોસેસિંગ મશીનરીઝ, ઓટો અને એન્જિન પાર્ટસ, બિલ્ડીંગ મટીરીઅલ અને મશીનરી, કેમિકેલ, કન્ફેશનરી, કોસ્મેટિક, અને બ્યુટીકેર, એન્જિનિયરિંગ એસેસરીઝ, ફુટવેર, ફર્નિચર, હર્બલ પ્રોડકટસ, હોસ્પિટલ ઈકિવપમેન્ટસ, હાઉસહોલ્ડ આઈટમ્સ, ઈરીગેશન અને વોટર સિસ્ટમ, જવેલરી અને લાઈફ સ્ટાઈલ, કીટચનવેર, કિચન ઈકિવપમેન્ટસ અને વાસણો, મેડિકલ ટુરિઝમ, માઈનિંગ અને ડ્રિલિંગ, પેકેજીંગ, પેઈન્ટસ એન્ડ હાર્ડવેર, પફર્યુમ્સ, ફાર્મા અને હેલ્થકેર, પ્લમ્બિંગ, રિન્યુએબલ એનર્જી, સ્પાઈસીસ, સ્ટેશનરી, સર્જીકલ ઈકિવપમેન્ટસ એન્ડ પ્રોડકટસ, ટેકસટાઈલ્સ અને ગામેન્ટર્સ, સોલાર અને પાવર ફિશિંગ, હેન્ડિકાફટર્સફ ફેશન બુટીકસ વગેરે પ્રોડકસનાં ઉત્પાદકો ભાગ લઈ શકે છે.

આ ડેલિગેટસ તારીખ ૧૪, ૧૫ અને ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન વિવિધ ફેકટરીઓની મુલાકાતે જશે.

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા આયોજીત એસ.વી. યુ.એમ. ૨૦૨૭ આંત્તરરાષ્ટ્રીય વેપાર મેળો એક મીની વેપાર કુંભ મેળો કહી શકાય કારણ કે, તેમાં સ્થાનિક, રાષ્ટ્રીય અને આંત્તરરાષ્ટ્રીય એટલે કે, વેપારનો ત્રિવેણી સંગમ થાય છે. જેમાં નાનામાં નાના ઉત્પાદક કે વેપારી, સરકારી સબસીડીનાં માધ્યમથી ઓછામાં ઓછા ખર્ચે દેશ વિદેશનો વેપાર વિકસાવી શકે છે.

સંબંધોને શરમાવે તેવી ચોંકાવનારી ઘટના

રૂા. ૨ કરોડના વીમા અને કરોડોની સંપત્તિ માટે પતિને ધીમું ઝેર આપવાનો આરોપ

ગાજિયાબાદ, તા. ૨૫

ઉત્તર પ્રદેશના ગાજિયાબાદના ઈંદિરાપુરમ વિસ્તારમાં સંબંધોને શરમાવે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. રૂ. ૨ કરોડના વીમા અને કરોડોની સંપત્તિ મેળવવાની લાલચમાં પતિને ધીમું ઝેર આપવાનું કાવતરું ઘડ્યાના આરોપસર પોલીસે પત્ની રેનૂ ભટનાગર (ઉંમર ૪૨ વર્ષ, રહે. વિવેક વિહાર, દિલ્હી)ની ધરપકડ કરી છે. પોલીસે ૨૩ નવેમ્બરના રોજ દિલ્હીમાં કાર્યવાહી કરીને આરોપી મહિલાને ઝડપી પાડી હતી.

આ સમગ્ર મામલે વસુંધરાના રહેવાસી સુશીલ કુમાર ભટનાગરે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ઈંદિરાપુરમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તેમની પત્ની રેનૂ અને તેના પરિવારના સભ્યો મળીને તેમને, તેમના દીકરા વંશ ભટનાગર અને ભાણેજ દેવ ભટનાગરને જાનથી મારી નાખવાના ઈરાદે લીડ પોઈઝનિંગ આપી રહ્યા હતા. આ ફરિયાદમાં પત્ની ઉપરાંત તેની માતા, ભાઈ અને સાઢૂનાં નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ફરિયાદી સુશીલ કુમારના જણાવ્યા અનુસાર, તેમના બ્લડ સેમ્પલના રિપોર્ટમાં લોહીમાં લીડની માત્રા સામાન્ય કરતાં ઘણી વધારે હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ તેમની તબિયત લથડતાં તેમને હોસ્પિટલના ICU વોર્ડમાં દાખલ કરવાની ફરજ પડી હતી. આ ઘટનાને પગલે સમગ્ર મામલે પોલીસ તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન આરોપી પત્નીએ કથિત રીતે જણાવ્યું હતું કે તેના પતિની રૂ. પથી ૬ કરોડની ટ્રાવેલ એજન્સી છે અને તેમના નામે રૂ. ૨ કરોડનો વીમો પણ છે, જેમાં પત્ની નોમિની છે. પોલીસના દાવા મુજબ, આ વીમાની રકમ અને સંપત્તિ મેળવવાના હેતુથી પતિ સહિત પરિવારના અન્ય સભ્યોને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હોવાની આશંકા છે.

હાલ પોલીસે આરોપી પત્નીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસમાં અન્ય આરોપીઓની ભૂમિકા, ઝેર આપવાના આક્ષેપો અને સમગ્ર કાવતરાં અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાની હકીકત સ્પષ્ટ થશે.

ખેલ મહાકુંભ–૨૦૨૬ની જિલ્લાકક્ષાની કરાટે સ્પર્ધાની તારીખમાં ફેરફાર

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા ખેલ મહાકુંભ–૨૦૨૬ અંતર્ગત યોજાનારી જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધાની તારીખમાં આકસ્મિક કારણોસર ફેરફાર કરવામાં આવ્યો છે. આ નવા આયોજન મુજબ, તમામ વયજૂથની બહેનો માટેની કરાટે સ્પર્ધા તારીખ ૧૦/૧૨/૨૦૨૬નાં રોજ અને તમામ વયજૂથનાં ભાઈઓ માટેની કરાટે સ્પર્ધા તારીખ ૧૧/૧૨/૨૦૨૬નાં રોજ યોજાશે.

આ બંને સ્પર્ધાઓ સવારે ૮ વાગ્યે લાલાવદર સ્પોર્ટસ સંકુલ, લીલીયા રોડ, લાલાવદર ખાતે યોજવામાં આવશે. સ્પર્ધા અંગેની વધુ વિગતો કે માર્ગદર્શન માટે કન્વીનર વિકુસભાઈ ભેડા (મો. નં. ૯૨૬૫૨૯૩૭૪૮) અથવા દિગ્વિજયસિંહ ઝાલા (મો. નં. ૯૪૨૭૨ ૭૫૨૮૩)નો સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી (ઈન્ચાર્જ), અમરેલીની યાદીમાં જણાવાયું છે.

વડિયા ખાતે આમ આદમી પાર્ટીએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી જિલ્લામાં માંઘવારી અને અખાદ્ય પદાર્થનાં વેચાણ સામે નારાજગી

દૂધ, ગેસ સીલીન્ડર, પેટ્રોલ, કઠોળ, ખાદ્યતેલ, વીજળી સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં સતત વધારાથી ચિંતા

ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનાં માસિક ઘરખર્ચમાં ૨૦ ટકા જેવો વધારો થયો હોય ચિંતાજનક સ્થિતિ

એક તરફ બેરોજગારી, ખેતીમાં મંદી અને બીજી તરફ સતત ભાવ વધારો થતો હોવાથી સૌ પરેશાન

નફાખોરો, સંગ્રહખોરો અને મિલાવટખોરો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા માંગ કરી



વડિયા, તા. ૨૫

આમ આદમી પાર્ટી, કુંકાવાવ–વડિયા તાલુકા દ્વારા વડિયા મામલતદાર કચેરી ખાતે મોંઘવારી તેમજ બજારમાં વેચાતી નકલી અને ડુપ્લિકેટ વસ્તુઓના મુદ્દે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં ગેસ સિલિન્ડર, પેટ્રોલ, દૂધ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના સતત વધતા ભાવ અંગે રજૂઆત કરવામાં આવી હતી. મોંઘવારીના કારણે સામાન્ય અને મધ્યમવર્ગના પરિવારોના ઘરખર્ચ પર પડતી અસર અંગે પણ ચિંતા વ્યકત કરવામાં આવી હતી.

આ ઉપરાંત બજારમાં નકલી અને ડુપ્લિકેટ વસ્તુઓના વેચાણ અંગે રજૂઆત કરી આવી વસ્તુઓના વેચાણ પર નિયંત્રણ લાવવા, ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા તેમજ યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

આમ આદમી પાર્ટી દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રહે તે માટે જરૂરી પગલાં લેવામાં આવે તેમજ નકલી અને ડુપ્લિકેટ વસ્તુઓના વેચાણ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવે.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના અમરેલી જિલ્લા લોકસભા સીટના સંગઠન મંત્રી સુખાભાઈ વાળા, જિલ્લા પંચાયત સીટના પ્રમુખ દિલીપભાઈ શિંગાળા, તાલુકા પંચાયત સીટના પ્રમુખ ગોપાલભાઈ શિંગાળા સહિત પક્ષના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી જનજીવનને સ્પર્શતા પ્રશ્નો અંગે તંત્રનું ધ્યાન દોર્યું હતું.

ગોખલાણા અને વાવડા ગામ વચ્ચેનો બનાવ

બાબરાનાં વૃધ્ધ ખેડૂતનું બાઈક સ્લીપ થતાં મોતને ભેટયા

રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા

અમરેલી, તા. ૨૫

બાબરાનાં ગોખલાણા અને વાવડા ગામવચ્ચે રસ્તા પર બાઈક સ્લીપ થઈ જતાં વાવડા ગામના વૃધ્ધનું ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે. તેમને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા. પરંતુ અહી દમ તોડી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ વાવડા ગામે રહેતા નાનજીભાઈ ગગજીભાઈ મકવાણા (ઉ.વ. ૭૦) સાંજે ઘરેથી નજીકના ગોખલાણા ગામે કોઈ કામ માટે ગયા હતા. બાદમાં સાડા પાંચેક વાગ્યે પરત પોતાના ઘરે આવી રહ્યા હતા એ વખતે ગોખલાણા–વાવડા વચ્ચેના રસ્તા પર તેમનું બાઈક સ્લીપ થઈ જતાં માથા, શરીરે ગંભીર ઈજાઓ થતાં બાબરા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

મૃત્યુ પામનાર નાનજીભાઈ મકવાણા ત્રણ બહેન અને પાંચ ભાઈમાં વચેટ હતા. તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતા. બાબરા પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

ગત તા. ૯ નવેમ્બરનાં રોજ બનાવ બનેલ

કોવાયામાં આવેલ અલ્ટ્રાટ્રેક સિમેન્ટ કંપનીમાં ધાડ પાડવાનાં ગુન્હામાં ૬ આરોપીની અટકાયત

મરીન પિપાવાવ પોલીસે રૂપિયા ૧૧,૨૪,૮૧૦નો મુદ્દામાલ કબ્જે કર્યો



અમરેલી, તા. ૨૫

ગત તા. ૯નાં રોજ રાજુલા તાલુકાનાં કોવાયા ગામે આવેલ અલ્ટ્રાટ્રેક કંપનીના ત્રિપુટી ટુ યાર્ડમાં ફરિયાદી સુરેન્દ્રસિંહ દેવનંદનસિંહ પોતાની સિકયુરીટી ગાર્ડ તરીકેની નોકરીમાં હાજર હતા, તે દરમિયાન અજાણ્યા બુકાનીધારી આરોપીઓએ ધાડ પાડવા માટેનો ઈરાદો પાર પાડવા માટે થઈ અને રામભાઈ લાખણોત્રાનાં ખેતર બાજુ આવેલ ત્રિપુટી ટુ યાર્ડની દિવાલ ઉપરની ફેન્સિંગ વાયર કોઈ સાધન વડે તોડી, ચાર આરોપીઓએ દિવાલ કુદી, ગેરકાયદેસર યાર્ડમાં પ્રવેશ કરી અને સિકયુરીટી ગાર્ડને ઢીકાપાટુનો માર મારી, બળજબરીથી યાર્ડની દિવાલ કુદાવી, સિકયુરીટી ગાર્ડને યાર્ડની બહાર કાઢી, ત્યાં પણ બીજા બે આરોપીએ સિકયુરીટી ગાર્ડને છરી બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, બળજબરીથી સિકયુરીટી ગાર્ડને બેસાડી રાખી, કંપનીનાં યાર્ડમાં રાખેલ કોપર કેબલ વાયર કાપી, કેબલ વાયરની લુંટ કરવાની કોશિષ કરી, સિકયુરીટી ગાર્ડ પાસે રહેલ વ્હીસલ, કિંમત રૂા.૧૦ તથા એવરરેડી કંપનીની ટોર્ચ લાઈટ કિંમત રૂપિયા ૨૦૦ મળી

અનુસંધાન પાના ૬ ઉપર

જાફરાબાદમાં 'અમુલ' નામ ધારણ કરીને યુવક સાથે દવાખાનાના બહાને વિશ્વાસ જીત્યો, સ્કેનર મોકલી રૂપિયા ૭૦ હજારની ઓનલાઇન કરી છેતરપીંડી

સ્કેનર મોકલી રકમ ટ્રાન્સફર કરાવી મોબાઈલ ફોન બંધ કરી દીધો

અમરેલી, તા. ૨૫

સાયબર ઠગબાજો હવે વિશ્વાસ કેળવવા માટે જાણીતી વ્યકિતની ખોટી ઓળખ આપીને લોકોને નિશાન બનાવી રહ્યા છે. ત્યારે જાફરાબાદમાં અમુલ નામની ખોટી ઓળખ આપી એક યુવક સાથે રૂપિયા ૭૦ હજારની ઓનલાઈન છેતરપિંડી થયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, જાફરાબાદ ગામે સામાકાંઠા રામમંદિરની બાજુમાં રહેતા અને મચ્છીમારીનો વ્યવસાય કરતા કૈલાશભાઈ પરશોતમભાઈ બાંભણીયા ઉર્ફે શિકારીવાળા (ઉ.વ.૩૩) ગત તા.૨૪ જુલાઈના રોજ પોતાના ઘરે હતા ત્યારે અજાણ્યા આરોપીના મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ અમુલ તરીકે આપી હતી અને દવાખાનાના કામ માટે નાણાંની જરૂરિયાત હોવાનું જણાવી આરોપીએ પોતાના મોબાઈલમાંથી પૈસા ટ્રાન્સફર થતા ન હોવાનું કહી કૈલાશભાઈના બેંક એકાઉન્ટમાં નાણાં મોકલવાની વાત કરી હતી.

ત્યાર બાદ ઠગબાજે યુવકના મોબાઈલમાં નાણાં જમા

અનુસંધાન પાના ૬ ઉપર

રાયડી ગામે સિંહની લટાર કેમેરામાં કેદ



ખાંભાનાં રાયડી ગામે કડકડતી ઠંડીનાં માહોલમાં તાલુકા ભાજપનાં મહામંત્રીનાં નિવાસ સ્થાન નજીક ડાલામથ્થા સિંહની લટાર થી એકલ–દોકલ વાહનો પસાર થતાં તેઓ થંભી ગયા હતા અને સમગ્ર દ્રશ્ય સીસીટીવી કેમેરામાં કેદ થયા બાદ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયેલ.

ભંગારનો સામાન તોડતાં હોય તે સમયે

અમરેલીમાં સોડા બનાવવાનો ગેસનો બાટલો ફાટતા પ્રૌઢનાં હોઠે ઈજા પહોંચી

ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ ખાતે ખસેડાયા

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં સંકુલ ચોકડી પાસે રહેતા અને ભંગાર વીણવાનો ધંધો કરતાં ભરતભાઈ બહાદુરભાઈ ચારોલીયા (ઉ.વ. ૪૫) નામનાં આધેડ ભંગાર વીણીને આવ્યા હોઈ તેમાં સોડા બનાવવાનો ગેસનો બાટલો આવ્યો હોય તે ભાંગતા હતા ત્યારે પ્રેશરને કારણે બાટલો ફાટતાં ઉડીને મોઢા પર આવતાં તેમનો હોઠ તૂટી જતાં અને મોઢા પર મુંઢ ઈજા થતાં અમરેલી સારવાર લઈ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે અમરેલી પોલીસને જાણ કરી હતી. ભરતભાઈને સંતાનમાં ત્રણ દિકરા છે.

કંપનીના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી એડવાન્સ પેટે રોકડ રકમ પડાવી લીધી

પિપાવાવ કંપનીના સ્ક્રેપના ટેન્ડરનાં નામે જામનગરના ભંગારનાં વેપારી સાથે રૂા. ૬.૧૦ લાખની છેતરપીંડી

જાફરાબાદ, જૂનાગઢ અને ઉનાના ત્રણ શખ્સો સામે ફરિયાદ

અમરેલી, તા. ૨૫

પીપાવાવ કંપનીનો સ્ક્રેપ ટેન્ડર મારફતે આપવાની લાલચ આપી જામનગર જિલ્લાના કાલાવડ પંથકના ભંગારના વેપારી સાથે રૂપિયા ૬.૧૦ લાખની છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે. જેમાં કંપનીના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી ત્રણ શખ્સોએ ભંગારના ટેન્ડરના એડવાન્સ પેટે રોકડ રકમ મેળવી લીધા બાદ ભંગાર ન આપી તેમજ જામીનગીરી પેટે અન્ય વ્યકિતના નામનો બનાવટી સહીવાળો ચેક આપી વેપારી સાથે વિશ્વસઘાત કર્યો હતો. આ મામલે ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના અરલા ગામે મસ્જિદ પાછળ રહેતા અને ભંગારના લે–વેચનો વ્યવસાય કરતા કરીમભાઈ ઈસ્માઈલભાઈ બાઘડા (ઉ.વ. ૫૦) નામના આધેડ સાથે ગત તા. ૨૧/૧૦થી તા. ૨૩/૧૦ દરમિયાન છેતરપિંડી આચરવામાં આવી હતી.જેમાં જાફરાબાદ ગામે રહેતા ઈરફાન ઉર્ફે ભુરો રહેમાનભાઈ મંસુરી, જુનાગઢ જિલ્લાના અજયભાઈ હમીરભાઈ ચૌહાણ તથા ઉના ગામે રહેતા રવીભાઈ ભુપતભાઈ જેઠવા નામના ત્રણ શખ્સોએ પૂર્વયોજિત

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)